## જયાં એક સમયે જુનાગઢનાં નવાબે શાસન કર્યુ હતું તે

# સાવરકુંડલાનાં ગાધકડા ગામનો ઈતિહાસ ૩૦૦ વર્ષ જુનો છે

**ગાધકડા ગામ એ ૨૪ ગામોનું બજાર હતું : રેલ્વે સ્ટેશન પણ હતુ**

**નવાબી શાસન વખતનો ગેઈટ ગામની શાન હતી**

**ગામમાં બારેય મહિના આજે પણ વીજ પુરવઠો ઉપલબ્ધ છે**

**તાલુકા પંચાયત અને તાલુકા ભાજપનાં પ્રમુખનું વતન ગાધકડા ગામ છે**



સાવરકુંડલા, તા. ૧

ગાધકડા ગામનો ઈતિહાસ ૩૦૦વર્ષ જૂનો છે. ગાધકડા સાવરકુંડલા તાલુકામાં આવેલું છે. આઝાદી પહેલા તે જૂનાગઢ રજવાડાના નિયંત્રણ હેઠળ હતું. પાછળથી જૂનાગઢના ભારતમાં એકીકરણ પછી, તેની ભૌગોલિક સ્થિતિને કારણે, ગાધકડા ભાવનગર જિલ્લાનો ભાગ બન્યો અને હવે છેલ્લા ઘણા દાયકાથી ગાધકડાને અમરેલી જિલ્લાના વહીવટી આશ્રયમાં સમાવિષ્ટ કરવામાં આવ્યું છે. રાત્રે ૧૨:૦૧ વાગ્યા પછી ગામનો મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવતો હતો પછી આવતા લોકો માટે એક ખડકી રાખી હતી તેમાંથી પૂછપરછ કરી અંદર આવવા દેતા હતા . આજકાલ તે મુખ્ય દરવાજો ઉપલબ્ધ નથી.

ગાધકડા ગામ નવાબી વખતનું પ્રખ્યાત ગામ હતું. અહીં જૂનાગઢના નવાબે શાસન કર્યુ હતું. ગામડાના ભાગ માટે ગામની ફરતે દિવાલ બનાવવામાં આવી હતી. ગાધકડા મોટા ગામ તરીકે ગણાતું હતું. અહીં ૨૪ ગામોનું બજાર હતું, ગામલોકો અહીં ચાલીને અને બળદગાડા દ્વારા ખરીદી કરવા આવતા હતા, રેલ્વે સ્ટેશન ત્યાં હતું પણ ગામથી લગભગ ત્રણ (૩) કિ.મી. દૂર હતું. લોકો ગામની બહાર ખરીદી અથવા કાર્યો માટે ભાડાની ઓટોમાં જતા હતા. સ્ટેશન પર જવા માટે કુલ ચાર આન્ના ભાડા તરીકે લેતા હતા. એકલા લોકો ચાલીને જતા હતા. છ ટ્રેન ગાધકડામાં આવતી હતી. તે સમયે બસ ઉપલબ્ધ નહોતી. ગાધકડા જુનાગઢ નવાબી દ્વારા શાસન કરવામાં આવ્યું હતું. નવાબોએ ગાધકડાને પાકિસ્તાનમાં ભેળવવાની યુકિત કરી હતી. ગામમાં, મુસ્લિમો અને સિંધીઓનું નિયંત્રણ હતું, તેઓ નવાબના પક્ષમાં માનતા હતા. નવાબ તેમની યુકિતમાં નિષ્ફળ ગયા. જો જુનાગઢને પાકિસ્તાનમાં ભેળવવામાં આવ્યું તો ગાધકડા અને અન્ય ગામ પણ પાકિસ્તાનમાં ભેળવવામાં આવ્યા હોત. ૩૧–૧૦–૧૯૪૭ ના રોજ રાજય પરિવર્તન થયું. (અરજી હકુમત)ની રચના. શામળદાસ ગાંધી અને આ અરજી હકુમતના નિયંત્રણથી સૌરાષ્ટ્ર સરકારની રચના થઈ. ૧૯૪૭ માં જૂનાગઢ, ગાધકડા જીતી લીધું.

વધુમાં ગાધકડા રેલ્વે સ્ટેશન મુખ્ય ગામથી ૩ કિમી દૂર આવેલું છે અને ભારતીય રેલ્વેના પશ્ચિમ ઝોન (૧) માં ધોળા–મહુવા રેલ્વે લાઈન પર આવેલું છે. આ રેલ્વે લાઈન મૂળ રૂપે ૧૯૨૩ માં ભાવનગર રાજય રેલ્વે દ્વારા બનાવવામાં આવી હતી. ગાધકડા, રામગઢ, લીખાળા , વિજપડી, બાઢડા , સાવરકુંડલા, જીંજુડા, ગણેશગઢ અને કલ્યાણપુર સાથે રોડ માર્ગે જોડાયેલ છે. ઔપચારિક રીતે ગણેશગઢ અને રામગઢ પણ આ ગામનો એક ભાગ હતા પરંતુ અલગ ગ્રામ પંચાયત પછી બંને ગામ હવે ગાધકડાનો ભાગ નથી.

ગાધકડા એ ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં આવેલું એક ગામ છે. તે જિલ્લા મુખ્યાલય અમરેલીથી દક્ષિણમાં પર કિમી દૂર આવેલું છે. રાજયની રાજધાની ગાંધીનગરથી ૩૦૦ કિમી દૂર. ગાધકડા પિન કોડ ૩૬૪૫૨૨ છે અને પોસ્ટલ મુખ્યાલય બાઢડા છે. અત્યારે પોસ્ટ ઓફિસ ગાધકડા પણ ઉપલબ્ધ છે.

ગાધકડાની બાજુમાં લિખાળા, ગણેશગઢ (રામગઢ (૪ કિ.મી.), ગોરડકા (૩ કિ. મી. ), , મેરિયાણા (૬ કિ. મી. ), બાઢડા (૬ કિ. મી.) એ ગાધકડાની નજીકના ગામો છે. ગાધકડા દક્ષિણ તરફ રાજુલા તાલુકા, દક્ષિણ તરફ ખાંભા તાલુકા, પશ્ચિમ તરફ ધારી તાલુકા, ઉત્તર તરફ લીલીયા તાલુકાથી ઘેરાયેલું છે. સાવરકુંડલા, રાજુલા, મહુવા, અમરેલી એ ગાધકડાથી નજીકના શહેરો છે.

અહીં ખેતીમાં મુખ્યત્વે કપાસ, મગફળી અને બાજરી/બાજરો ખેતીલાયક વસ્તુઓ તરીકે ઉગાડવામાં આવે છે. ઉનાળામાં ૮ કલાક કૃષિ વીજ પુરવઠો અને શિયાળામાં ૮ કલાક કૃષિ વીજ પુરવઠો ઉપલબ્ધ છે. આ ગામમાં કુલ સિંચાઈ વિસ્તાર ૧૨૬૫ હેકટર છે જે બોરહોલ/ટયુબવેલ દ્વારા બનાવવામાં આવે છે, જેમાંથી ૧૨૬૫ હેકટર સિંચાઈનો સ્ત્રોત છે. વર્ષભર અને ઉનાળામાં પણ શુદ્ધ નળ દ્વારા પાણી પુરવઠો ઉપલબ્ધ છે. ઢાંકણ વગરનો કૂવો અને હેન્ડપંપ પીવાના પાણીના અન્ય સ્ત્રોત છે. આ ગામમાં બંધ ડ્રેનેજ સિસ્ટમ ઉપલબ્ધ છે. શેરીમાં કચરો એકઠો કરવાની કોઈ વ્યવસ્થા નથી.

આ ગામમાં સબ પોસ્ટ ઓફિસ ઉપલબ્ધ છે. લેન્ડલાઈન ઉપલબ્ધ છે. મોબાઈલ કવરેજ ઉપલબ્ધ છે. આ ગામમાં ઈન્ટરનેટ સેન્ટર ઉપલબ્ધ છે. ૧૦ કિમીથી ઓછા વિસ્તારમાં કોઈ ખાનગી કુરિયર સુવિધા નથી.

આ ગામમાં જાહેર બસ સેવા ઉપલબ્ધ છે, આ ગામમાં રેલ્વે સ્ટેશન છે, આ ગામમાં ટ્રેકટર ઉપલબ્ધ છે, આ ગામમાં પ્રાઈવેટ વાહનો પણ મળે છે.

આ ગામમાં ઉનાળામાં ૨૪ કલાક અને શિયાળામાં ૨૪ કલાક વીજળી પુરવઠો ઉપલબ્ધ છે. આંગણવાડી કેન્દ્ર, આશા, જન્મ અને મૃત્યુ નોંધણી કચેરી, દૈનિક સમાચાર પત્ર અને મતદાન મથક અને રેશનની દુકાન વગેરે એ ગામની અન્ય સુવિધાઓ છે. ઉપરાંત, ગામના લોકો મુખ્યત્વે ખેતી અને રોજગારમાં હીરા છે.

અત્યારે વસ્તી ગાધકડા ગામની અંદાજે ૪૫૦૦ થી ૫૦૦૦ હજારની હશે ગાધકડા ગામમાં ગામ વિસ્તાર અને પ્લોટ વિસ્તાર અને કલ્યાણપુર વિસ્તાર એમ અત્યારે ત્રણ ભાગમાં વિસ્તરાયેલ છે.

અત્યારે ગામમાં ૨ ગેઈટ આવેલ છે એ ગાધકડા બસ સ્ટેશન સામે અને એક વીજપડી રોડ બાજુ બીજો ગેઈટ આવેલ છે. ગાધકડામાં અત્યારે પ્રથમિક આરોગ્ય કેન્દ્ર પણ ઉપલબ્ધ છે .

વધુમાં અત્યારે તાલુકા પંચાયતના પ્રમુખ જીતેન્દ્રભાઈ કાછડીયા અને તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા અને સરપંચ પાયલબેન સુનિલભાઈ કલાણીયા છે.

ગાધકડા ગામ મારી શાન છે અને તેને વિગતવાર માહિતી આપવાનો પૂરો પ્રયત્ન પત્રકાર અને સિવિલ એન્જી હાર્દિક ચંદારાણા દ્વારા કરવામાં આવ્યો છે.

---

### આડા સબંધની આશંકાએ માથાકૂટ

## સાવરકુંડલાનાં વીરડી ગામની યુવતી ઉપર ૧ મહિલા સહિત ૨ વ્યકિતઓએ કર્યો હુમલો

**યુવતી અને વચ્ચે પડેલ એક વ્યકિતને પણ ઈજા**

અમરેલી, તા. ૧, સાવરકુંડલા તાલુકાના વિરડી ગામે રહેતા કિંજલબેન અરવીંદભાઈ રાઠોડ નામની ૨૫ વર્ષિય યુવતીના ઘરે જઈ તે જ ગામે રહેતા આરોપી ભરતભાઈ ગભરૂભાઈ ચાવડા તથા દક્ષાબેન અનિભાઈ ચાવડાએ યુવતીને વાડીએ બોલાવી મહિલા આરોપીએ યુવતીને તેના પતિની સાથે આડા સંબંધ હોવાનું કહેલ. જેથી યુવતીએ ના પાડતા આરોપીઓએ ઉશ્કેરાઈ જઈ ખપાળીનો એક એક ઘા બંને હાથના કાંડા ઉપર મારી તથા કુહાડીની મુંઢરાટી વડે ડાબા તથા જમણા પગના સાંથળના ભાગે માર મારી યુવતીને બન્ને હાથે કાંડા પાસે ફેકચર કરી શરીરે મુંઢ ઈજા કરી તથા આરોપીઓએ ગાળો આપી તે સમયે અનિભાઈ વચ્ચે પડતા તેમને પણ આરોપીઓએ ઢીકાપાટુનો માર મારી મુંઢ ઈજા કરી અને ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે

## કોંગ્રેસ આવનારા દિવસોમાં યુવાનો, મહિલાઓ, આદિવાસી સમાજો, પીડિતો, શોષિતોનો અવાજ બનશે, સડકથી લઇ સંસદ સુધી લડાઈ

**યુવાનો, શિક્ષિત અને પક્ષની વિચારધારાને વફાદાર લોકોને સંગઠનમાં અગ્રિમતા અપાશે : અમિત ચાવડા**



અમરેલી, તા. ૧

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૫ને સંગઠન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. જેના ભાગ રૂપે સંગઠનના પાયલોટ પ્રોજેક્ટ તરીકે ગુજરાત કોંગ્રેસને પસંદ કરવામાં આવ્યું. સંગઠન સૃજન અભિયાન અંતર્ગતગુજરાતના ૪૧ શહેર–જિલ્લા પ્રમુખોને પ્રક્રિયા આધારિત પસંદ કરવામાં આવ્યા. સંગઠન સૃજન અભિયાન અન્વયે તાલુકા અને વોર્ડના સંગઠન માટેની પ્રક્રિયા અંગે પત્રકાર પરિષદમાં જાહેરાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા વર્ષ ૨૦૨૫ ને સંગઠન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરાયું હતું. જિલ્લાથી લઈ તાલુકાને વેગવંતુ બનાવવામાં આવશે, પ્રજાના પ્રશ્નોને લઈ કોંગ્રેસનો કાર્યકર દરેક ઘર સુધી પહોચવાના હેતુથી ગુજરાતમાં સંગઠન સૃજન અભિયાનની શરૂઆત થઈ. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા અને જનનાયક શ્રી રાહુલ ગાંધીએ ગુજરાત આવી તમામ કાર્યકર્તા અને નેતાઓની વાત સાંભળી, રાજયમાં નિરીક્ષકોની નિમણુંકો કરી જિલ્લા પ્રમુખોની નિમણૂંક કરવામાં આવી, શ્રી રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં આણંદમાં ૩ દિવસની શિબિર યોજાઈ, જિલ્લા પ્રમુખની જેમ જ તાલુકા કક્ષા, નગરપાલિકા કક્ષા અને મહાનગરપાલિકા કક્ષાએ વોર્ડ પ્રમુખોની નિમણુંકો થશે, તા. ૨ ઓગસ્ટથી સમગ્ર રાજયના વિવિધ જીલ્લાઓમાં પ્રદેશ કક્ષાએથી નિયુક્ત ૨ નિરીક્ષકો, સ્થાનિક પ્રમુખ તાલુકાઓમાં જશે, સંગઠન સૃજન અભિયાન હેઠળ નિરીક્ષકો જિલ્લા, તાલુકા કક્ષાએ પ્રવાસ કરીઝોન વાઈઝ કાર્યકરોને સાંભળવામાં આવશે. નવા યુવાનોને તક મળે તે માટે વોર્ડ, તાલુકા કે શહેર કક્ષાએ ૫૫ વર્ષથી ઓછી ઉંમરના લોકોને અગ્રિમતા અપાશે, ૫ વર્ષથી વધુ સમયથી જવાબદારી નિભાવતા હોય તો તેમના સ્થાને અન્યને જવાબદારી અપાશે, નિરીક્ષકો પ્રવાસ બાદ એક રિપોર્ટ પ્રદેશ કક્ષાએ આપશે, નિરીક્ષકો કાર્યકર્તાઓને મળશે અને સંગઠન અંગે પણ અભ્યાસ કરાશે, કોઈને અન્ય તાલુકા, જિલ્લા કે પ્રદેશ લેવલ કામ કરવું છે તો એ બાબતે પણ નિરીક્ષકો સાંભળશે, કોંગ્રેસ બધા માટે છે, કોંગ્રેસ બધાની છે માટે જે લોકો કોંગ્રેસની વિચારધારા સાથે જોડાઈને કામ કરવા માંગતા લોકોને જોડાવા અપીલ છે. કોંગ્રેસ પક્ષ હંમેશા સંવિધાનમાં જે મૂળભૂત સિદ્ધાંતો છે માનવતા, સર્વ સમાવેશ નીતિ–રીતિમાં વિશ્વાસ ધરાવે છે. તાલુકા, શહેર, વોર્ડ સમિતિ, જિલ્લા કક્ષા અને પ્રદેશ સ્તરે કામ કરવા માગતા લોકો માટે સંગઠન સૃજન અભિયાનનો તાલુકા કક્ષા માટે પ્રારંભ થઈ રહ્યો છે. તા. ૨ થી ૧૦ આગસ્ટ સુધીમાં સંગઠન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે, ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં તમામ નિમણુંકો પૂર્ણ કરી લોકોના પ્રશ્નો બાબતે કોંગ્રેસ પક્ષ સડકથી સંસદ સુધી લડાઈ લડવા જઈ રહ્યા છીએ.

ગુજરાત વિધાનસભા કોંગ્રસ પક્ષના નેતા ડો. તુષાર ચૌધરીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ દ્વારા સંગઠન માટેની પ્રક્રિયા જિલ્લા કક્ષા બાદ તાલુકા કક્ષા તરફ આગળ વધી રહી છે. જે બાબતે સ્થાનિક આગેવાનો કાર્યકરો સાથે વિવિધ વાર્તાલાપ કરીને યોગ્ય વ્યકિને જવાબદારી સોંપાશે. જે રીતે ભાજપ સરકાર આદિવાસી સમાજને અન્યાય કરી રહી છે તે અંગે આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે. તાપી રીવર લીંક પ્રોજેક્ટ અંગે આદિવાસી સમાજ સાથે ભાજપ સરકારે છેતરપીંડી કરી છે.

---

## પી.એમ. કિસાન યોજનાના બાકી લાભાર્થીઓએ ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ફરજિયાત નોંધણી કરાવવી

અમરેલી, તા. ૧

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત અને ગુજરાત સરકારના સંયુકત પ્રયાસોથી ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને આધાર આઈ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી.મળશે.

કેન્દ્રસરકારની સૂચના મુજબ, પી.એમ. કિસાન યોજનામાં પાત્રતા ધરાવતા ખેડુતોએ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી ફાર્મર આઈ.ડી. માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

આ ઉપરાંત જે ખેડુતો ૮–અ અને ૭–૧૨માં ખેડુત તરીકે નામ ધરાવતા હોય તેવા તમામ ખેડુત ભાઈઓ તથા બહેનોએ ફાર્મર આઈ.ડી. કાર્ડ મેળવવાની પ્રક્રિયા કરવી.

રાજયમાં એગ્રીસ્ટેક–ડી.પી.આઈ. હેઠળ ખેડુત નોંધણીની કામગીરી ગ્રામ્યસ્તરે ઝૂંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. જેના અંતર્ગત રાજયના પી.એમ કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ યોજનાના આગામી ૧૯માં હપ્તાનો લાભ મેળવવા માટે ફાર્મર રજિસ્ટ્રી કરાવવી.

ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ https://gifr.agristack.gov.in/farmar-registry-gi/#/ વેબસાઈટ પર ખેડુતો ઘરબેઠાં જાતે અથવા નજીકના CSC સેન્ટર પરથી રજિસ્ટ્રેશન થઈ શકશે.

આ અંગે જિલ્લા ખેતીવાડી તંત્ર મારફતે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે તેમ છતાં જિલ્લાના પી.એમ. કિસાન યોજનાના બાકી રહેતા ૩૯,૦૦૦ ખેડુતોએ ફાર્મર રજિસ્ટ્રેશન કરાવવાનું હજી પણ બાકી છે, આથી આ ખેડૂતોએ આ માટે ઘટતી કાર્યવાહી કરવી.

આ ખેડૂતોએ આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક મોબાઈલ નંબર અને ૮–અ નકલ, ૭–૧૨ નકલની વિગત સાથે વધુ વિગતો માટે ગ્રામ્ય કક્ષાએ સંબંધિત ગ્રામ પંચાયત કચેરીના વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વિ.સી.ઈ.) અને શહેરી વિસ્તારમાં સીટી તલાટીનો સંપર્ક કરી ડેટા એન્ટ્રી ઓપરેટર મારફતે રજિસ્ટ્રેશન કરાવવું.

પી.એમ. કિસાન યોજનામાં ફાર્મર રજિસ્ટ્રેશન કરાવ્યું ન હોય તેવા લાભાર્થીઓ દ્વારા આગામી ૫ દિવસમાં ફાર્મ રજિસ્ટ્રી કરાવવામાં નહિ આવે તો આવા લાભાર્થીઓ પી.એમ. કિસાન યોજનામાં પાત્રતા ધરાવશે નહિ અને યોજનાનો લાભ મેળવવા માગતા નથી તેવું માની આગામી હપ્તો બંધ કરવામાં આવશે.

આ અંગેની વધુ વિગતો, જાણકારી અને માર્ગદર્શન માટે ગામના તલાટી કમ મંત્રી, સીટી તલાટી (કસ્બા તલાટી), તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી, મામલતદારનો સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.

---

### ૨ મહિલા સહિતનાં આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ

## અમરેલીનાં વૃધ્ધનાં દીકરાનાં ફૂલહારથી લગ્ન કરાવી રૂપિયા ૩.૫૦ લાખની છેતરપીંડી

**વેરાવળનાં અજાણ્યા મેરેજ બ્યુરો સંચાલકનું કારસ્તાન**

અમરેલી, તા. ૧

અમરેલીમાં આવેલ બટારવાડી વિસ્તારમાં ચુનારાના ડેલા પાસે રહેતા રાજુભાઈ નજરઅલીભાઈ માવાણી નામના ૬૨ વર્ષિય વૃધ્ધના દિકરાના લગ્ન કરવા માટે તેઓએ વેરાવળ ગામે રહેતા કોઈ અજાણ્યા મેરેજ બ્યુરોવાળાનાં મોબાઈલ નં. ૭૦૧૬૮ ૮૪૫૨૦નો સંપર્ક કરતા તેમણે અમદાવાદ ગામે રહેતા આરોપી શબીનાબેનને દુલ્હન તરીકે તથા આરોપી શબીનાબેનને દુલ્હનની માસી તરીકેની ઓળખ આપી તમામ આરોપીઓએ એકસંપ કરી ગુન્હાહિત કાવતરૂ રચી વૃધ્ધને વિસમાં લઈ, ભોળવી લઈ વૃધ્ધના દિકરાના લગ્ન કરવાના બ્હાને આરોપીએ આ વૃધ્ધ પાસેથી રોકડા રૂા. ૨,૪૦,૦૦૦ તથા વૃધ્ધના દિકરાના ફુલહાર લગ્ન કરાવી લીધા બાદ આ વૃધ્ધના ભાઈ પાસેથી પણ જમણવારના તથા કપડા–લતાના રૂપિયા ૧૦,૦૦૦ રોકડા રૂપિયા ૫૦,૦૦૦ બેંક ખાતામાં ઓનલાઈન ટ્રાન્જેશન કરાવી લઈ તથા વૃધ્ધે પોતાની માતાની સોનાની બંગડી તથા સોનાની ચેઈન તથા સોનાની બુટી તથા ચાંદીના છડા બે જોડી દુલ્હનને પહેરવા આપેલ હતાં. જે તમામ કુલ રૂપિયા ૩,૫૦,૦૦૦નો મુદામાલ આરોપીઓએ મેળવી લઈ પરત નહિ આપી આરોપીઓએ વૃધ્ધ સાથે છેતરપીંડી વિસઘાત કર્યાની વૃધ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### દીપમાળા પ્રોજેકટ અંતર્ગત

## સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નં. ૪ ખાતે ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજાયો

**૧૪૬ વિદ્યાર્થીઓને લાભ મળ્યો**



સાવરકુંડલા, તા. ૧

અમરેલીના લાઠીના વતની તથા અમેરિકા સ્થિત ભરતભાઈ દેસાઈ સર ,એઆઈએફ તથા સંવિદ વેન્ચરના સંયુક્ત સહયોગથી ચાલતા 'DEEP SHAALA' પ્રોજેકટ અંતર્ગત સાવરકુંડલાની બ્રાન્ચ શાળા નંબર–૪ માં ધોરણ સાતના કુલ ૧૪૬ વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુ માટે ટેબલેટ વિતરણના કાર્યક્રમનું સુંદર આયોજન તારીખ. ૧/૮/૨૫ના રોજ થયું. આ કાર્યક્રમમાં એસ.એમ.સી અધ્યક્ષ તથા સભ્યઓ કરસનભાઈ આલ ,હરેશભાઈ, ભુપતભાઈ ,લક્ષ્મીબેન ,નાનજીભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા. શાળા વિકાસના કાર્યોમાં હંમેશા સાથસહકાર આપતા કાઉન્સિલર કેશવભાઈ બગડા તથા શાળાની શૈક્ષણિક ગુણવત્તા માટે હંમેશા પ્રયત્નશીલ સી.આર.સી કો ઓર્ડીનેટર વિપુલભાઈ દુધાત તથા વિકલાંગ બાળકોના બીઆરપી અજયભાઈ એ પણ પ્રાસંગિક હાજરી આપી હતી. AIFCo. દીપકભાઈ દ્વારા ટેબલેટની જાળવણી તથા ઉપયોગ વિશેની વિસ્તૃત સમજ તમામ વાલીઓને આપવામાં આવી. ધોરણ –૭ ના તમામ વર્ગ શિક્ષકો શિલ્પાબેન, બીનાબેન, પારૂલબેન દ્વારા તમામ વાલીઓને નીતિ નિયમોની સમજ આપી ફોર્મ ભરી આપવામાં આવ્યા. શાળાના શિક્ષકઓ જેમલભાઈ, દેવાંગભાઈ ,હેતલબેન ,સીમાબેન , ચંદ્રિકાબેન દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી . સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય પૂજાબેન દ્વારા કરવામાં આવ્યું.

# ''ગાંઠનું ગોપીચંદન ઘસી અન્યને તિલક કરે એ સાચો સેવક''

## પગદંડી/લેખન



– પ્રિન્સી./ટ્રસ્ટીશ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

આવા સેવાવ્રતધારી કેટલા ? બહુ ઓછાં હતા. પણ છે ખરાં હો. કેટલાંક એવા માણસ હોય છે કે એમને સેવાનું ગાંઠપણ (નશો) ચડયુ હોય છે. તન, મન, ધનથી ઘસાઈને પણ સેવાનો ઝંડો લઈને ફરશે. એવા લોકોને પોતાની કે નામ–મોટાઈ સન્માન, ફોટાની જરાય પડી નથી હોતી રાત દિવસ જોયા વિના બસ સેવારત હોય.

સંત પાંડુરંગે માતાપિતાની એવી સેવા કરી કે ઈશ્વરને (વિઠ) ઈંટ પર ઊભા રહેવું પડયું. નરસિંહે ઈશ્વરની એવી સેવા કરી કે તેનાં તમામ સાંસારીક કામો ભગવાને પાર પાડવા પડયા. મીરાંએ એવી સેવાને ભકિત કરી કે વિષ પણ અમૃત બની ગયું. બચપણમાં કનૈયાએ ગાયોની એવી સેવા કરી કે એનુ નામ ગોપાલ પડી ગયું. મધર ટેરેસાએ એવી સેવાની ધૂણી ધખાવી કે વિદેશી હોવા છતાં ભારતની મધર ટેરેસા બની ગઈ.સત્તાધારનો ઓલિયો શામજી ભગતે ગાયોની એવી સેવા કરી કે મહેત જ નહિ સંત શીરોમણી બનીને પૂજાય છે. દેવીદાસ અને અમર માએ રકતપિતીયાની એવી સેવા કરી કે આને સતદેવીદાસ અને અમર મા તરીકે પૂજાય છે. સેવાનાં અનેક પ્રકારનાં ક્ષેત્રો હોય છે. ધર્મશાળા, તળાવો, વાવ, કુવા, નિશાળો, મંદિરો બંધાવી પૈસાનો સદુપયોગ કરે છે. આજે દેશભરમાં જ નહિ પણ વિદેશોમાંથી ' ગૌ સેવા'ની ભરતી આવી છે. તો કોઈ વાંદરાઓને, કુતરાઓને, પક્ષીઓને, પશુઓની સેવામાં પણ જિંદગી પૂરી કરી નાંખે છે.

ઈતિહાસ અપણ છે કે જીવદયા, એમાંય મુંગા પશુ, પક્ષીની સેવા તો જે નો કરી શકે એમના લોહીમાં આ ગૌસેવા વણાઈ ગઈ છે. એમનું દાન પણ પ્રથમ આવી સેવામાં જ વપરાશે. કરોડો, અબજો રૂપિયાનાં દાન જૈનોએ આપેલ છે. એની અપણ પુરે છે.

એવા એક જૈન પરિવારની વાત કરવી છે ૧૯૬૨માં અમરેલીમાં ભયંકર વાવાઝોડુ આવેલ. રહેણાંક મકાનોની ખરાબી તો હતી જ પણ ઢોર ઢાંખર, માણસોની જાનહાની પુષ્કળ થયેલી. ત્યારે મુંબઈનાં રહેવાસી અને અમરેલીનાં વતની શ્રી સી.કે. મહેતા (દીપક ફર્ટિલાઈઝેશનનાં માલિક)એ અમરેલીમાં ખીમચંદ મુળચંદ મહેતા બોર્ડિંગમાં કેમ્પ રાખેલો. એ બોર્ડિંગ પણ એમના ધનથી જ બનેલી છે. પણ અમરેલી જિલ્લાને બેઠો કરવામાં ગામડાંઓને ફરી કાર્યરત કરવામાં રહેણાંક મકાનો બનાવી આપવામાં કપડાં, રાશન, નળિયાં, પશુ, ખેતી સાધનો આપવામાં અઢળક પૈસો વાપર્યો અને જાણીને નવાઈ લાગશે કેમ્પ પુરો થયાં પછી પોતાનાં કપડાંની બેગ કાર્યકરોને આપીને પહેરેલ કપડે મુંબઈ ચાલ્યા ગયા.

થોડા દિવસો પહેલાં અમારા સાહિત્યિક મિત્ર ચંદ્રકાંત પટેલ 'સરલ' સંવાદિત પુસ્કત ''ગૌ મહિમા અને ગૌ વેદનાં'' પુસ્કત મળ્યું. સરસ જોઈ ગયો. વાંચતાં પુલકિત થઈ જવાયું. હૈયું નાચી ઊઠયું ને આંખો ભરાઈ આવી કે આવા આપને ટેકો દેનારાં સેવાવ્રત ધારીઓ જયાં સુધી પૃથ્વી પર હશે ત્યાં સુધી ધર્મને આંચ નહિ આવે.

''અનસુયા ગૌધામ ચેરીટેબલ ટ્રસ્ટ – માણાવદર''માં ગૌશાળાનું બહુ મોટું સેવાકાર્ય અભિયાન ૨૦૨૧થી ચલાવે છે. મનની અને આનંદની વાત એ છે કે આ શેઠ પરિવાર વૈષ્ણવ પરિવાર છે.

સ્વ. ચંદુભાઈ સી શેઠ મૂળ માણાવદરાં એમનાં સહધર્મચારીશ્રી અનસુયાબોન શેઠ બન્નેને ગાયો પ્રત્યે ખૂબ લાગણી ને લગાવ એમનાં પુત્રો અને પુત્રવધુઓએ ગાયોની સેવા સ્વીકારી. માતૃશ્રીના નામથી અનસુયા ગૌધામ ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના ૨૦૨૧માં કરી. લગભગ કોરોનાકાળ માં શુભ ભાવનાથી, માતાપિતાની લાગણીથી શરૂ કરેલ ગૌસેવાનુ બીજ આજ વટવૃક્ષ બની માત્ર ગુજરાત જ નહિ ભારતભરમાં વિજય ડંકો વગાડી દીધો છે.

આનંદની વાત તો એ છે કે આ પુસ્તકમાં અસંખ્ય નાની ગૌસેવકો એ સાહિત્યકારોએ લેખો દ્વારા ગૌમહિમા ગાયો છે. ખાસ ઊડીને આંખે વળગે એવો લેખ તો જોરાવરસિંહ જાદવનો છે. અન્ય લેખોને કાવ્યો, સુવિચારો પણ અનુસરણીય છે.

આ અનસુયા ગૌધામ ચેરીટેબલ ટ્રસ્ટ માત્ર ગાયોની જ સેવા કરે છે એવી નથી. ઉચ્ચકોટીની ગાયોનું સંવર્ધન પણ કરે છે. સાથે વયોવૃધ્ધો માટે ટિફીન સેવા ચાલે છે.

હિતેનભાઈ શેઠનાં ધર્મપત્ની અ.સૌ. મેઘનાબેન તો જાણે ગોકુળની યશોદા જ જોઈ લો. સાધન સંપની બાપની દિકરી સાસરે થોડી વાસીદા કરવા આવે ? પણ પતિ સાથે, પરિવાર સાથે શેઠ પરિવારની મોટા વહુ તરીકે ચેરીટી બીઝીન્સ એટ હોમ માનીને પહેલુ કામ એમણે શરૂ કર્યુ.

ધન્ય છે આ શેઠ પરિવારનો ધન્ય છે. એમનાં માતાપિતાને કે જેમની કુખે જન્મ લઈ મુંગા પશુઓની, માનવની સેવા કરે છે. જાણીને નવાઈ લાગશે આ શેઠ પરિવારે પોતાના પગ ઉપર કુહાડી મારી છે. નથી કોઈનું દાન લેતા નથી. સરકારી સહાય લેતા છતાં આજ માણાવદરમાં ફુલીફાલી છે. ત્યાં વસ્તી, ઉછરતી ગાયો, વાછરડીને વાછરડાં, બળદોએ પૂર્વભાવના પુણ્યના પ્રતાપે આ નાનકડા ગામ માણાવદરના શેઠ પરિવારને ધન્યતા બક્ષવા પધારેલ છે. મૂંગા પશુ–પક્ષીનાં આશિષ ખાલી જાય જ નહિ.

''ગૌ મહિમા અને ગૌ વેદનાં'' પુસ્કતમાંથી પસાર થતાં શબ્દો સરી પડયાં સાધુ.... સાધુ.... એક અદનો શિક્ષક બીજું તો શું આપી શકે. મારી પ્રસન્નતા વ્યકત કરૂ છું. તથા આ શેઠ પરિવાર અને એમની સાથે જોડાયેલા તમામને પ્રભુ નિરામય અને દીર્ઘાયુ બક્ષે એવી પરમને પ્રાર્થના–અસ્તુ.



# બાલ એક્સપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## બંટીની સુંદરતા

નંદનવનમાં હરણ, સાબર, કાળિયાર, સસલાં, નીલગાય વગેરે શાકાહારી પ્રાણીઓનું એક ગ્રૂપ હતું. આ ગ્રૂપનાં બધાં પ્રાણીઓ આખો દિવસ મોજમસ્તી કર્યા કરે. એકબીજા વિના કોઈને ચાલે નહીં. કોઈ એક પ્રાણી એક દિવસ ગેરહાજર હોય, તો પણ કોઈને ગમતું નહીં.

બંટી ભેંસ ખૂબ જ શરમાળ. એ દૂરથી આ બધાંને રમતાં જુએ, પણ ત્યાં જવાની હિંમત કરી શકે નહીં. વળી તે તેના કાળા રંગથી પણ શરમ અનુભવતી.

તે વિચારતી કે, '' ભગવાને મને ખૂબ જ અન્યાય કર્યો છે. સસલાં કેવાં રૂપાળાં છે ! સાબરને કેવાં સરસ શિંગડાં છે ! મને કાળો રંગ આપ્યો અને પાછી જાડી પણ કરી. હરણ કેવાં પાતળાં છે !''

તે આખો દિવસ લઘુતાગ્રંથિથી પીડાતી. કોઈ પ્રાણી સામે મળે અને પૂછે કે, ''બંટીબેન મજામાં ને ?'' તો તે જવાબ આપ્યા વિના નીચું જોઈને જતી રહેતી.

એક દિવસ સસલાં, હરણ વગેરેને રમતાં જોઈને તેનાથી ન રહેવાયું. ડરતાં–ડરતાં ત્યાં જઈને તે માંડ બોલી શકી. '' મને તમારી સાથે રમાડો ને ?''

તેની વાત સાંભળીને સસલું બોલ્યું, ''તું અમારી સાથે રમવાને લાયક નથી. જો તો ખરી, તું કેવી કાળી છે અને હું કેવું ધોળું છું. અમારામાંથી એકેય પ્રાણી તારા જેટલું કાળું નથી. વળી તું જાડી પણ કેવી છે ! અમે તને નહીં રમાડીએ.'' બંટી તો નિરાશ થઈ ત્યાંથી ચાલી ગઈ.

તે દરરોજ બધાંને રમતાં જોતી, પણ પોતે રમી શકતી નહીં. તેને બહુ જ દુઃખ થતું.

### જાનું અને સોનેરી માછલી

(બાળવાર્તા સંગ્રહ)
પ્રકાશ કુબાવત



એક દિવસ ચોમાસામાં ખૂબ જ વરસાદ પડયો. સતત ત્રણ દિવસ સુધી વરસાદ બંધ ન રહ્યો. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયાં. સસલું જયાં રહેતું હતું ત્યાં પણ પાણી પહોંચી ગયું. સસલાનાં નાનાં નાનાં બચ્ચાં પાણીમાં તણાવા લાગ્યાં. બંટીએ આ જોયું. તરત બંટી નીચે બેસી ગઈ અને સસલાનાં બચ્ચાંને કહ્યું કે, '' મારી પીઠ પર બેસી જાઓ.'' તરત જ સસલાંનાં બચ્ચાં બંટીની પીઠ ઉપર બેસી ગયાં.

પાણી ખૂબ જ ઝડપથી વધી રહ્યું હતું. બંટીએ સસલાને પોતાના પીઠ પર બેસી જવા કહ્યું. બંટીએ કહ્યું કે, ''અત્યારે કશું વિચારવાનો સમય નથી. બચવું હોય તો મારી પીઠ પર બેસી જા. તારાં બચ્ચાંઓનું પણ ધ્યાન રાખી શકીશ.'' કચવાતા મને સસલું બંટીની પીઠ પર બેસી ગયું.

થોડી વારમાં પાણી ખૂબ જ વધી ગયું. બંટી તો પાણી ઉપર તરવા લાગી. થોડી વાર તરીને સસલા અને તેનાં બચ્ચાંને તે ઊંચી જગ્યાએ મૂકી આવી. સસલાએ તેનો ખૂબ ખૂબ આભાર માન્યો.

થોડા સમય પછી પાછી સ્થિતિ પૂર્વવત થઈ જતાં બધાં પ્રાણીઓ રમવાં લાગ્યાં. હજુ પણ બંટી દૂરથી બધાંની રમત જોયા કરતી.

એક વખત સસલું બંટીને જોઈ ગયું. તે તેની પાસે ગયું અને કહ્યું, ''ચાલ અમારી સાથે રમવા.''

બંટી આનાકાની કરવા લાગી. સસલાએ કહ્યું કે, ''હું મારા વર્તનથી ખૂબ જ શરમિંદુ છું. હું સાચા દિલથી તારી માફી માગું છું. તું રમવા ચાલ ને ચાલ.'' હવે બંટી ઈનકાર ન કરી શકી. તે તેની સાથે ગઈ.

બંટીને સસલા સાથે આવતી જોઈને સાબરે મોઢું ચડાવ્યું. બંટીથી તે અછાનું ન રહ્યું. સસલાએ કહ્યું કે, ''બંટી ન હોત તો આજે અમે જીવતાં ન હોત.'' એમ કહી આખી વાત કરી.

## પુત્ર પુત્રીનો ઉછેરભેદ

### શિશુવંદના

ગિજુભાઈ ભરાડ

એ ભેદ બહુ જ જરૂરી છે પરંતુ બધા પરિવારો જાળવી શકતા નથી અને એક જ હલેસે બાળકોનો ઉછેર થાય છે. પુત્રના ઉછેરમાં પિતાની સરખામણીમાં માતા વધારે પડતો રસ લે અને પિતાની સાથે રહેવાની તક બાળકને ઓછી મળે તો પૈતૃક સંસ્કારનો વારસો નવી પેઢીને પૂરતો મળતો નથી. એ જ રીતે દીકરી અને માતા વચ્ચે જો સહવાસનો સમય ઓછો ફાળવાતો હોય તો પરિપૂર્ણ સ્ત્રીના શ્રેષ્ઠ લક્ષણોથી કન્યા વંચિત રહી જાય છે. પુત્ર શેરીમાં એકલો રમવા જતો થાય ત્યારથી એને પિતાની છત્રછાયા સતત મળવી જોઈએ તો જ એનામાં પુરુષનું ગાંભીર્ય સ્વાભિમાન વ્યકિતત્વ છટા અને સાહસ વિકસે છે. એ જ રીતે દીકરી રસોડામાં હાથવાટકી બને એટલે કે માતાને મદદ કરતી થાય ત્યારથી સતત એને માતાની હુંફ મળતી જોઈએ તો જ એનામાં સ્ત્રીની સહનશીલતા સંસ્કાર સૌન્દર્ય ઓછા બોલાપણું અને ઘરગથ્થુ ગુણોનો વિકાસ થાય છે. પુત્ર પુત્રીની ઉછેરભેદ બંનેના આગવા માનવ વ્યકિતત્વ અને વિકાસ માટે જરૂરી છે. માતાપિતાએ એમાં બારીક સાવધાની રાખવી જરૂરી છે.

## કાન્તાબહેન એમ. પટેલ – ભાગ – ૨

### લક્ષદ્વીપ–પ્રવાસ

સ્વામી સચ્ચિદાનંદ

પ્રકાશક : ગુર્જર પ્રકાશન



અંતે અમે બધાં અમારા ક્રૂઝ ઉપર પહોંચ્યાં અને સાંજનું ' રાત્રિભક્ષણમ્' કરીને આરામ કરવા લાગ્યાં. ત્યાં તો સમાચાર આવ્યા કે ' તબિયત'ની તબિયત બગડી છે. સવારથી જ તકલીફ થઈ હતી, પણ હવે બહુ વધી ગઈ છે. ક્રૂઝના ડોકટરને ગમે ત્યાંથી ખોળી લાવ્યા અને પ્રવાસીઓમાંથી પણ જે ડોકટર હતા તે બધાં કામે લાગી ગયા. પ્રવાસમાં કોઈકોઈ વાર આવું પણ થતું હોય છે. ન ધારેલું થાય તેને જ માણસની લાચારી કહેવાય. બધું જ ધારેલું થયા કરતું હોય તો કોઈ લાચાર જ ન હોય. પણ તો બધાં માણસો માણસો ન રહે, વંઠી ગયેલા માણસો થઈ જાય. એટલે કુદરતે જીવન સાથે ભરતી અને ઓટના સિદ્ધાંતની માફક સુખ અને દુઃખનો સિદ્ધાંત પણ જોડી દીધો છે. જીવનમાં પણ ભરતી–ઓટ આવ્યા જ કરતી હોય છે. ખાસ કરીને વ્યાપારીઓને આનો વધારે અનુભવ થાય. ડાહ્યો માણસ તેને કહેવાય, જયારે તેનો ભરતીનો પિરિયડ ચાલતો હોય ત્યારે પાણીનો વધુમાં વધુ સારો ઉપયોગ કરી લે. પછી ઓટના દિવસોમાં તો માથું પકડીને રોવાનું જ છે. બધાં ડોકટરોએ મળીને 'તબિયત'ની સેવા કરી. આપણે એ પણ માનવું જોઈએ કે આધુનિક સમયમાં જેટલા મોજશોખ અને ભોગવિલાસ વિકસ્યા છે તેટલા જ માનવતાના સેવકો પણ વિકસ્યા છે. મોજશોખમાં તત્પર રહેનારા ડાક્ટરો કપરા સમયમાં તરત જ હાજર થઈ જતા હોય છે. આ જીવનનું જમાપાસું કહેવાય.

અંતે અમારી ક્રૂઝે ચાલવાનું શરૂ કર્યું. આજે અમારે લાંબો પ્રવાસ કરવાનો છે. ' મિનિકોય'થી કોચીન વધુ દૂર છે. આખી રાત ક્રૂઝ ચાલ્યું અનેસવારે ૧૦:૦૦ વાગ્યે કોચી પહોંચી ગયું. ફરી પાછી ભારતની ધરતી દેખાણી. બધાંએ પોતપોતાનો સામાન બાંધીને તૈયાર રાખ્યો હતો. મારી કેબિનમાં મારી સેવાની ઈચ્છાથી બનાસકાંઠાના શ્રી માનસિંગ રહેતા હતા. તેમણે બધી તૈયારી કરી લીધી. મેં તેમને પૂરેપૂરી જવાબદારી સોંપી હતી. હવે બધાંનો સામાન ઓછો થઈ ગયો હતો, કારણ કે જે ભાથાં, પ્રસાદ વગેરેનો ભાર હતો તે સમાપ્ત થઈ ગયો હતો. બધાંનો સામાન ઊતરવા લાગ્યો, પણ કેબિનમાં બેઠાંબેઠાં મને જિજ્ઞાસા થઈ કે જરા અગાસીમાં જઈને જોઉં તો ખરો, આટલો બધો સમય પસાર થયો હોવા છતાં અમારો નંબર હજી કેમ આવતો નથી ? પહેલાં બંકવાળા લોકલ પ્રવાસીઓ ઊતરે, પછી છેલ્લે કેબિનવાળાં ઊતરે તેવી વ્યવસ્થા હતી.

અગાસીમાં જઈને મેં જે દશ્ય જોયું તેનાથી દંગ થઈ ગયો. આખા ક્રૂઝના જુદાજુદા ભાગમાં આઠ–દશ માણસો લાંબાં–લાંબાં દોરડાં લઈને ઊભા હતા અને તેમની નજીક પડેલા સામાનના ઢગલામાંથી એકએક દાગીનાને દોરડું બાંધીને નીચે પ્લેટફાર્મ તરફ ઉતારતા હતા. નીચે પ્લટફાર્મ ઉપર એવા જ આઠ–દશ માણસો દોરડાનો બીજો છેડો પકડીને ઊભા હતા ને સામાનને પોતાની તરફ ખેંચી લેતા હતા. આ પ્રક્રિયા સુરક્ષિત ન કહેવાય. આવી રીતે તો ચાર કલાકે પણ પાર ન આવે. નીચે પ્રવાસીઓનાં ટોળાં પોત પોતાના સામાનને શોધવા ફાંફાં મારતાં હતાં. આજકાલ મોટા ભાગની બેગો એક જ પ્રકારની થતી હોવાથી ઘણાને ગરબડ થઈ જતી હતી. કોઈનો સામાન કોઈ લઈ જાય એવું પણ બનતું હતું. હું આવા દરેક પ્રવાસમાં અમારાં બધાં પ્રવાસીઓને નાનીમોટી બેગો ઉપર ભગવી ચિંદરડી બંધાવું છું, જેથી તરત જ ખબર પડે કે આ આપણો સામાન છે. આનાથી અમને ઘણો લાભ થયો છે. મેં લોકોને કહ્યું કે તમારો સામાન હોય કે ન હોય, ભગવી ચિંદરડી બાંધેલી હોય તે બધાં સામાનનો એક તરફ ઢગલો કરી દો. અમારી બસ આવી ચૂકી હતી, પણ તેને શિપયાર્ડમાં આવવા દીધી ન હતી તેથી બહાર ઊભી હતી. શક્તિ ટ્રાવેલ્સવાળા મહેશભાઈ સાથે જ છે એટલે અમને ઘણી સારી સગવડો આપે છે. તેમણે ટ્રાઈટન્ટ હોટેલમાં અમારે માટે જમવાની વ્યવસ્થા કરી રાખી છે. એટલે બસ અને ઈનોવામાં બેસીને અમારે સીધાં જ હોટેલના રેસ્ટોરન્ટમાં જવાનું છે.





બાલમિત્રો,

આ કયાં દેશી મહિનો ચાલે છે ? બરાબર, શ્રાવણ મહિનો તમે જાણો છો કે શ્રાવણ મહિનો એટલે

મહાદેવ ભગવાન શંકરની પૂજા, આરાધનાનો મહિનો, પૂજા–પાઠ, સેવા, ગીતો ભજનો, ઉત્સવો પણ આ શ્રાવણ માસમાં વિશેષ હોય છે, એટલે તો એને ઉત્સવનો મહિનો કહયો છે. બાળકથી લઈ વૃધ્ધો સુધીનાં તમામ આ મહિનાને ઉજવે છે., માણે છે, ને પુણ્યનું ભાથું કમાય છે.

અને હા બાળમિત્રો, આ મહિનામાં આપણો મનગમતો તહેવાર, ઉત્સવ આવે છે. જાણો છો ને ? સાચુ કહયું, જન્માષ્ટમી, નાનાં બાળકો તો એટલા બધા ઉત્સાહમાં આવી જાય કે ન પૂછો વાત. કેટલાંક તો જાતે જ કાન–ગોપી બને, રાધા–કૃષ્ણ બને મેળા ભરાય. મેળાનો આનંદ તો અનેરો હોય છે. ૩૦ દિવસ કર્યા પસ્તર થઈ જાય એની ખબર જ ન રહે વળી આ દિવસોમાં શાળામાં રજા હોય છે. એટલે ટાબરિયાને તો મોજ પડી જાય.

## ઘાસકા પૂળા ખા જા

### બાલ કથાઓ

ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)



એક હતું શિયાળ.

એને એવી ખરાબ ટેવ કે એક કણબીના હળ ઉપર રોજ મડે બેસી જાય. કણબીનું હળ બગડે ને રોજ ધોવું પડે.

એક વાર કણબીને દાઝ ચડી. તે કહે : આ, શિયાળને સીધું કર્યા વિના નહિ ચાલે. રોજ રોજ તે આ કેમ ખમાય ?

તેણે હળ ઉપર ગુંદર ચોપડી દીધો.

બીજે દિવસે રાતે જયાં શિયાળ હળ ઉપર બેસવા જાય ત્યાં પોતે જ હળ ઉપર ચોંટી ગયું.

ઊખડવાને માટે શિયાળે ઘણા પછાડા માર્યા પણ કાંઈ વળ્યું નહિ.

સવાર પડી ત્યાં કણબી આવ્યો.

શિયાળને જોઈને કણબી કહે : 'કાં, રોજ ને રોજ હળ બગાડી જાય છે ને ? હળ તો બાપનું હતું, કેમ ?'

કણબીએ તો શિયાળને ખૂબ માર્યું ને પછી તેને આખો દિવસ હળે જોડ્યું.

સાંજે શિયાળને છોડયું, ત્યારે શિયાળની ડોક સૂજી ગયેલીને કાનમાંથી લોહી જાય ભાગ્યું !

શિયાળ તો ગામમાં ગયું ને ઘી માગવા નીકળ્યું. તે કહે : 'અરે બાપુ ! કોઈ જરા ઘી દેશો ? ભાઈ ? ઘી દેશો આ ડોકને નાક સૂજી ગયાં છે તે ચોપડવું છે.

પણ શિયાળભાઈ તો લુચ્ચા એની સામે ય કોણ જુએ !

એક ડોશી હતી. તેને દયા આવી. તેણે શિયાળને થોડુંક ઘી આપ્યું. એમાંથી થોડુંક ઘી શિયાળે કાને ચોપડયું ને બાકીનુ ઘી એક કુલડીમાં ભર્યુ.

પછી શિયાળ તો ઘી વેચવા ચાલ્યું. 'લેવું છે ઘી. કોઈને લેવું છે ઘી ?' એમ બોલતું બોલતું શિયાળ ગામમાં નીકળ્યું.

એક ડોશીની ભેંસ વસૂકી ગઈ હતી તેથી તેની પાસે ઘીના પૈસા ન હતા.

ડોસી કહે : 'ભાઈ! મારી પાસે કાંઈ પૈસા નથી. આ ભેંસ રાખીને ઘીની કુલડી આપીશ ?'

શિયાળ કહે : 'હા.'

પછી શિયાળ ભેંસ લઈને જંગલમાં ગયું. શિયાળ રોજ એક ખડનો પૂળો લઈ આવે. ભેંસ પાસે મૂકે ને આંચળ નીચે દોણું રાખીને બોલે :

'ઘાસકા પૂળા ખા જા
ને દૂધ દોણા ભર દે.'

ભેંસ ઘાસનો આખો પૂળો ખાઈ જાય ને દૂધનું દોણ ભરી દે.

શિયાળભાઈ આખુંય દોણું ભરી દૂધ પી જાય ને દિવસે દિવસે જાડા થતા જાય.

પછી તો શિયાળ ખૂબ ખૂબ જાડું થતું ગયું. એક દિવસ એના નાતીલાઓએ કહ્યું : 'અરે શિયાળભાઈ ! તમે રોજને રોજ શરીરે જાડા કેમ થતા જાઓ છો ? કંઈક સારૂ સારૂ ખાતા લાગો છો.

શિયાળ કહે : 'ભાઈ ! હું તો આ ધૂળ ખાઉં છું એથી જાડો થયો છું.'

બધાંય શિયાળોએ ધૂળ ખાધી પણ એ તો માંદાં પડયાં પાછું બધાંયે શિયાળને પૂછયું : 'શિયાળભાઈ, શિયાળ ભાઈ ! અમને જાડા થવાનો રસ્તો બતાવોને ? ધૂળ ખાધી એમાં તો માંદા પડયાં !'

શિયાળ કહે : 'અરે ભાઈ ! હું તો રાખ ખાઈને જાડો થયો છું.'

પછી બધાંએ રાખ ખાધી, પણ વળી બધાંનાં પેટમાં દુખવા આવ્યું.

પછી શિયાળની આખી નાત એકઠી થઈને શિયાળને કહે : 'બોલ, સાચું, બોલ ! શાથી જાડું થયું ? સાચું નહિ કહે શ્રી તને નાત બહાર મૂકશું !'

શિયાળ કહે : 'નાત માબાપ છે. મારે ખોટું શું કામ બોલવું પડે ? પેલી ભેંસ બાંધી છે તેનું દૂધ પી પીને હું જાડો થયો છું.

## કયા મોઢે આ ખાઈ શકું ?

### ગાંધી–ગંગા

(બે ભાગમાંથી પસંદ કરેલું આચમન)
સંપાદક : મહેન્દ્ર મેઘાણી





૧૯૪૭ના ઉનાળામાં બિહારમાં કોમી દાવાનળ હોલવવા બાપુ ફરી રહ્યા હતા. ત્યાંથી દિલ્હી આવ્યા. એ દિવસોમાં એમનો ખોરાક ઓછો થઈ ગયો હતો.

એક સવારે મનુબહેને કેરીના રસનો પ્યાલો ભરીને જમતી વખતે આપ્યો. બાપુએ પૂછ્યું : પણ મને કહે, પહેલા તપાસ કર એ કે આ કેરીની કિંમત શી ?

મનુબહેને માન્યું કે બાપુ વિનોદ કરે છે. એ તો કાગળોની નકલ કરવાના કામે વળગ્યાં.

થોડી વાર પછી જોયું તો બાપુએ રસ લીધો નહોતો, એટલે લેવા કહ્યું.

બાપુ : હું તો સમજતો હતો કે તું કેરીની કિંમત પૂછીને જ આવશે. કેરી ભેટ આવી હોય તોપણ તેની કિંમત પૂછયા પછી જ તારે મને ખાવા આપવી જોઈએ. એ તો તેં ન કર્યું, પણ મેં તને પૂછ્યા પછી પણ જવાબ ન લાવી. કેરીના ફળનું એક નંગ દસ આનાનું છે એમ મારા સાંભળવામાં આવ્યું. તો એ ફળ ખાધા વગર હું જીવી શકું તેમ છું. આ રીતે ફળ લેવાથી મારા શરીરમાં લોહી વધતું નથી, પણ ઊલટાનું ઘટે છે. આવી અસહ્ય મોંઘવારીમાં અને વ્યથામાં તેં ચાર કેરીના રસનો મને ખાસ્સો ગ્લાસ ભરી આપ્યો. એટલે અઢી રૂપિયાનો પ્યાલો થયો. એ કયા મોઢે હું ખાઈ શકું ?

તેવામાં જ બાપુજીને પ્રણામ કરવા એક બે નિરાશ્રિત બહેનો પોતાનાં બાળકોને લઈને આવી. બાપુજીએ તરત બે જુદા જુદા વાડકામાં બંને બાળકોને રસ પીવા આપી દીધો. એમના હૃદયમાંથી હાશ નીકળી ગઈ. મનુબહેનને કહેવા લાગ્યા : ''ઈશ્વર મારી મદદે છે તેનો આ તાદશ દાખલો. પ્રભુએ આ બાળકોને મોકલી આપ્યાં અને તે પણ જેવાં બાળકોની હું ઈચ્છા રાખતો હતો તેવાં જ બાળકો આવ્યાં. કેવી ઈશ્વરની દયા છે તે તો તું જો !''

### ૧૫. ગરીબોનાં બા

એક વાર બાપુ સેવાગ્રામ હતા, ત્યારે બા બહારગામથી આવવાનાં હતાં. બધાં પૂછવા લાગ્યાં, બા કયારે આવશે ? બા કઈ ગાડીમાં આવશે ?

બા સુરત તરફ ગયેલાં હતાં, મુંબઈ પહોંચી ત્યાંથી વર્ધા આવી શકાય. પણ એ લાંબો અને મોંઘો રસ્તો. સુરત જઈ 'ટાપ્ટી વેલી' ગાડીમાં ભૂસાવળ રસ્તે આવે તો નૂર ઓછું બેસે.

એક બહેન બાને મળવા ખાસ રોકાયાં હતાં. મુંબઈ તરફથી ગાડી આવવાની હતી. એ બહેને પૂછયું, બા અત્યારે તો આવશે ને ?બાપુએ કહ્યું, જો બા પૈસાદારોનાં બા હશે તો અત્યારે આવશે અને ગરીબોનાં બા હશે તો સુરત થઈ 'ટાપ્ટી વેલી'માં સવારે આવશે.

અને બા, ગરીબોનાં બા, ખરેખર બીજે દિવસે સવારે આવ્યાં

આ અનોખાં દંપતીના મિત્ર હોરેસ અલેકઝાન્ડરે નોંધ્યું છે કે બા અને બાપુ એક ઘરમાં હોય, પાસે પાસેના ઓરડામાં હોય, કશું ખાસ એકમેક સાથે બોલે નહીં, પણ આપણને આખો વખત લાગ્યાં કરે કે બંને એકમેકને ઊંડે ઊંડે ખૂબ સમજે છે.

## લોહીથી લખાયેલ પુસ્તક

જાપાનના એક સમ્રાટ સુટુકુ (૧૧૨૪–૧૧૬૪) સામે કાવતરૂ થયુ.....

એને ગાદીએથી ઉઠાડીને હદપાર કરવામાં આવ્યો. પરંતુ પોતાના આ દેશનિકાલના સમયમાં એણે ભગવાન બુધ્ધના ઉપદેશના સુત્ર લખવા માંડયા – રેશમી કાપડ પર પોતાના લોહીથી !

આ સુત્રમાં કુલ ૧૨૧૫ પંકિતઓ અને ૧૦,૫૦૦ શબ્દ છે.

એના આ કામથી ભગવાન બુધ્ધ પ્રસન્ન થયા કે એના સામંતોને સદ્બુધ્ધિ સુઝી – જે હોય તે, ૧૧૪૪માં એને રાજગાદી ફરી મળી અને પછી એણે વીસ વર્ષ રાજ કર્યુ.

# પ્રાથમિક મદદ (First Aid)




એકાએક આવી પડેલ માંદગી વખતે જયાં સુધી તબીબી સારવાર મેળવાય ત્યાં સુધી આ ઈજા પામેલાની જિંદગીનો બચાવ થાય, તેને સાજા થવામાં મદદરૂપ થઈ પડે અને ઈજા કે માંદગીને વધારે ખરાબ થતી અટકાવે તેનું નામ પ્રાથમિક મદદ. જે કોઈ સાધન મળે તે સ્થળ તથા સંજોગો પર આધારિત છે.

ઈજા કેવા પ્રકારની, કેટલી હદ સુધી સારવાર કરવી અને કયાં ખસેડવો તે હેતુ છે.સારવારમાં કારણ હોય તે દૂર કરવું, ાસોચ્છ્વાસ બંધ પડે, ખૂબ લોહી વહે અને શરીરને આઘાત લાગે તેને ખાસ ધ્યાન આપવામાં આવે છે.

**રકતસ્ત્રાવ :** જખમ અથવા ઈજા પામેલા ભાગને કરેલ ઢાંકણને પટ્ટી (ડ્રેસિંગ) કહે છે. તેનાથી શરીરમાં વહેતું લોહી કાબૂમાં રહે, વધુ ઈજા થતી અટકે અને ચેપ ન લાગે. આ માટે તૈયાર જંતુરહિત પટ્ટી, ગોઝ, ઈમર્જન્સીમાં સ્વચ્છ કપડુંઅને ભીની પટ્ટીનો ઉપયોગ થાય છે.

**જખમ સાથે લોહી વહેતું હોય ત્યારે**

– ઈજા પામેલા માણસને સગવડ ભરેલી સ્થિતિમાં મૂકવો

– હાડકું ન ભાંગ્યું હોય તો તે ભાગને ઊંચો કરવો

– જખમને ખુલ્લો કરવો

– લોહી જામી ગયું હોય તો સાફ ન કરવું

– જખમમાં જણાતી બહારની વસ્તુ સહેલાઈથી કાઢી શકાય તેવી હોય તો કાઢી નાખવી

– સીધું–આડકતરૂ દબાણ કરવું, ચાલુ રાખવું



– પટ્ટી, ગાદી અને પાટો બાંધવો

– ઈજા પામેલ ભાગની હલચલ અટકાવવી

–જખમમાંથી બહારની વસ્તુ સહેલાઈથી ન કાઢી શકાય અથવા ભાંગેલુંહાડકુંબહાર નીકળી આવ્યું હોય ત્યારે જખમને પટ્ટીથી ઢાંકવો અને પટ્ટી જખમ આસપાસ મૂકવી, ગાદીઓને મજબૂત બાંધવી

**આડકતરા દબાણથી લોહીને કાબૂમાં રાખવા**

–દબાણબિંદુ (પ્રેશર પોઈન્ટ) પર દબાણ કરીને.

–દબાણ કરનારા (કન્સ્ટ્રિકિટવ) પાટાથી લોહી બંધ કરવા માટે એક ધોરી નસ અને તેની નીચે આવેલા હાડકા સામે દબાણ કરી શકાય તે જગાને દબાણબિંદુ કહે છે.

–ગરદનની ધોરી નસ (કેરોટીડ આર્ટરી) માટે

–દબાણ કરવા માટે ઘાંટી અને સીપીના હાડકા આગળના નીચલા ભાગના સ્નાયુ જે ગરદનની બાજુએ ઉપર જાય છે તે ખાડામાં અંગૂઠો મૂકવો અને જખમની સપાટી નીચેની ધોરી નસ પર દબાણ કરવું.

–ગળું કપાયુંહોય તેમાં ગરદનની મુખ્ય કાળી શિરા (જુગ્યુલર વેઈન) જે આર્ટરીની પાસેથી પસાર થાય છે, તેમાંથી લોહી નીકળતું બંધ કરવા જખમની ઉપલી બાજુએ બીજા અંગૂઠા વડે દબાણ કરવાની જરૂર છે.

**હાંસડીની (સબક્લેવિયન આર્ટરી) પર દબાણ**

– તે પહેલી પાંસળી ઉપરથી થઈ હાંસડીના અંદરના છેડાની પછવાડે થઈ બગલમાં ઊતરે છે. તે માટે દરદીની ગરદન અને છાતીનો ઉપરનો ભાગ ખુલ્લો કરવો, તેનો ખભો દબાવવો અને તેનું માથું ઈજા પામેલા ભાગ તરફ નમાવવું. એક અંગૂઠો મૂકી તેના ઉપર બીજો અંગૂઠો હાંસડીના પાછળના ખાડામાં દબાવવો અને પહેલી પાંસળી સામે નસને દબાવવી.

# ગાયનાં શરીરમાં ૩૩ દેવતાં છે. કયા કયા ?

ગાયના શરીરમાં ૩૩ દેવતાઓનો વાસ છે. ૩૩ કરોડ દેવતાઓએ તો ઉપજાવેલી કાઢેલી વાત છે. આ ૩૩ દેવતાઓમાં, ૮ વાસુ જેવા કે (૧) ધરતી, (૨) અગ્નિ, (૩) પાણી, (૪) ધ્રુવ, (૫) વાયુ, (૬) ચંદ્ર, (૭) પરોઢ અને (૮) પ્રકાશ. આ તત્વો મનુષ્યોને પોષણ આપે છે.

અગિયાર રૂદ્ર જેવા કે, (૧) જલાષ, (૨) જલાષભેષજ, (૩) શિવ, (૪) કપર્દી, (૫) વરાહ, (૬) વૃષભ, (૭) રૂદ્રિય, (૮) ત્ર્યંબકં, (૯) વિદ્યુત, (૧૦) ભિષજમ અને (૧૧) વ્રજ–રૂદ્રોના નામમાં કયાંક એકમત નથી. અન્ય નામો પણ મળે છે.

બાર આદિત્ય : આ બાર આદિત્યએ બાર મહિનાના દેવતાઓ છે.



આમ–૩૩ દેવતાઓ થયા. ૧ પ્રાણ અને ૧ આત્મા મળીને ૩૩ દેવો થાય છે. આત્માને પરમાત્મા કહેવાય છે. આ બધા દેવતાઓ ગાયમાં વસે છે.

શ્રગ્વેદમાં દેવતાઓની સંખ્યા ૩૩ બતાવાઈ છે અને લખ્યું છે કે ૧૧ થી ૩ ગણી એટલે ૧૧ × ૩ – ૩૩ દેવતા થાય છે.




# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો






## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. પુરૂષ સાધકે સ્ત્રીનો સંગ ન કરવો અને સ્ત્રી સાધકે પુરૂષનો સંગ ન કરવો.

૨. ધનનો સગ્રહ ન કરવો, દાન કરવું.

૩. લૂલી મનુષ્યોને બેહાલ કરે છે. જીભને જેણે જીતી તેણે સર્વ જીત્યું.

૪. મોટામાં મોટું દુઃખ કામભોગ ભોગવવાની ઈચ્છા તે.

૫. બાળકથી નિર્દોષતા શિખવા મળે છે.

૬. કોઈપણ સુખની આશા ન રાખવી.

૭. વસ્તીમાં રહેવાથી કજિયા કંકાસ થાય તેથી સાધુએ એકાંતવાસ સેવવો.

૮. ઈશ્વર પોતાની માયાથી સૃષ્ટિ રચે છે. અંતે સંહાર કરે છે.

૯. પશુપક્ષીઓ પણ સત્સંગથી સુધરે છે. કામીનો સંગ કરીશ નહીં.

૧૦. વ્યર્થ ભાષણ સમાન કોઈ પાપ નથી. વાણીને તોલીને બોલજો.

# જ્ઞાનમંજરી

(૧) આનંદમઠ નવલકથાના લેખક કોણ છે ? – બંકિમચંદ્ર ચટોપાધ્યાય

(૨) ભગતસિંહને કયા કેસમાં ફાંસી આપવામાં આવી હતી ? – ચટગાંવ શસ્ત્રગાર હુમલો

(૩) મહાત્મા ગાંધીના પાંચમાં પુત્ર તરીકે કોને ઓળખવામાં આવતા ? – જમનાલાલ બજાજ

(૪) 'જય જગત'નું સૂત્ર કોણે આપ્યુ ? – વિનોબાભાવે

(૫) કયા ત્રણ ક્રાંતિકારીઓને એક સાથે ફાંસી અપાઈ હતી ? – ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ

(૬) સ્થાનીક સ્વરાજની સંસ્થાના પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ? – લોર્ડરિયન

(૭) ભારતનું પ્રથમ સમાચાર પત્ર કયું છે ? – બંગાળ ગેઝેટ

(૮) વિધવા વિવાહના પ્રશ્નને કયા સુધાર કે ઉતેજન આપ્યું ? – ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

(૯) 'ડિસ્કવરી ઓફ ઈન્ડિયા' પુસ્તકના લેખક કોણ છે ? – જવાહરલાલ નહેરૂ

(૧૦) 'ભારત ભરતીયો માટે'નો નારો કોણે આપ્યો હતો ? – આર્ય સમાજે

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## હું જ મારો નોકર ને હું જ મારો શેઠ !

માનવીમાં રહેલા અનેક સદ્‌ગુણોમાંનો એક તે સ્વાશ્રય. પોતાનાં કામ, શકય હોય ત્યાં સુધી, જાતે જ કરવા જોઈએ. કેટલાક સાહેબો તો જળપાત્ર હાથવગું હોવા છતાં, હુકમ કરવા ટેવાયેલા હોય છે. તેમની ચેમ્બરમાં પંખાની સ્વીચ પટ્ટાવાળો દાબે ત્યારે તે ' સાહ્યબી' અનુભવે ! જાતે કરેલા કામથી આનંદ તો મળે જ, સાથે પરાવલંબીપણામાંથી મુકિત પણ મળે (ને કસરત લાભ મળ ` તે લટકામાં !)

# પ્રયોગ – ૫૬
## રબ્બરના ગુણધર્મો

હેતુ રબરના ગુણધર્મોનો અભ્યાસ કરવો.


સાધન રબરની દોરી પ્લાસ્ટિકનો દડો કાંકરા કે રેતી દીવાસળી

રીત પ્લાસ્ટિકની એક દડી




લો. તેમાં કાણું પાડી રેતી કાંકરા ભરો. રબરની દોરી લો. તેના એક છેડે દીવાસળીને બાંધી દો. તે દીવાસળી પ્લાસ્ટિટાની દડીમાં ભરાવી દો. રબરનો બીજો છેડો પકડી દડીને ઉછાળો. આ કિયા બે ત્રણ વખત કરો.

રબરના ગુણધર્મો રબરને ખેચતા તે સહેલમઈથી વિરૂપણ પામે છે. ખેંચાણ દુર કરતા તે ફરી મૂળ આકાર ધારણ કરે છે. કુદરતી રબર ખૂબજ નરમ હોય છે. રબર ઓછું મજબૂત અને સ્થિતિ સ્થાપક છે. રબર વિદ્યુતનું અવાહક છે. પાણીનું અવરોધક છે.



# અદેશ્ય સબમરીન ભાગ – ૬




"ના, ના, હું પણ શાકાહારી છું." મે કહ્યું, "અને થોડાંક ફળો જ ખાઈશ. આમે મને આજે ખાસ ભૂખ જ નથી."

ફળાહાર પતાવી અમે પેસેજને છેવાડે ત્રણ પગથિયા ઉતર્યા બાદ આવેલ એન્જિન રૂમ જોયો. "બધું બરાબર ચાલે છે," બેન લિ બોલ્યો : "આમ તો અહીંનું બધું કેપ્ટનની કેબિનમાંથી પણ કન્ટ્રોલ કરી શકાય છે પણ આજે તેમને ઠીક નથી તેથી મારે અહીં જ રહેવું પડશે."

એન્જિન રૂમમાં રાત ગાળવા કોટની વ્યવસ્થા હતી. તે સિવાય અનેક ગેજેટો હતાં જેમાં મને કશું સમજાય તેવું નહોતું. "મને લાગે છે તમને મોન્ટુની રૂમમાં સૂવાનું ફાવશે," એમ બોલતાં બેન લિ મને એન્જિન રૂમમાથી બહાર નીકળીને પગથિયાં ચડતાં જ આવેલ છેલ્લી કેબિનમાં લઈ ગયો અને લાઈટની સ્વીચ ઓન કરી એક બીજાની વિદાય લીધી, અને હું અંદર દીવાલ સાથે જડેલ એક પલંગમાં આડો પડયો.

સામેની દિવાલ ઉપર બ્લેકબોર્ડ સાઈઝનો એક નક્શો લટકતો મારી નજરે પડયો.

**(૭) કાચના ગોળાની કરામત ભાગ – ૧**

પલંગ ઉપરથી હું નકશાની પાસે પડેલ એક ખુરશીમાં બેઠો. કયાંય સુધી મેં માયાબંદરની પાછળ આવેલ ખાડી તેમજ આસપાસના પ્રદેશોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું, પણ દરિયાની અંદરથી વાર કરતી અદશ્ય સબમરીનથી આપણા જહાજી બેડાને કઈ રીતે બચાવવું તેની સૂઝ ના પડી.

મારી પાસે શુક્રવારે રાતે પોર્ટબ્લેર પહોંચી નેવીવાળ ાને ચેતવણી આપવાનો વિકલ્પ હતો. પરંતુ અવ્વલ તો આવી ધડમાથા વિનાની વાતને કશા ઠોસ આધાર વિના તેઓ માને એવો સંભવ નહોતો અને માને તો પણ ભારતથી આંદામાન આવવા નીકળી ચૂકેલા જહાજોનો અહીંથી પીછો કરીને તેમનો વિનાશ કરતાં આ અદશ્ય સબમરીનને કેમ રોકી શકાય ?

એટલે આનો એક માત્ર ઉપાય કેપ્ટન નીનોને આ દુષ્કૃત્ય કરતું અટકાવવાનો હતો તેવું મને લાગ્યું. અને મોડે સુધી વિચાર્યા બાદ મને એક રસ્તો સૂઝ્યો – જો કે મારે માટે એ ખતરાથી ખાલી નહોતો. બીજે દિવસે સવારે કેપ્ટનને મળવાનો નિર્ણય લીધા બાદ હું સૂવા ઊઠયો. પરંતુ બીજે દિવસે બ્રેકફાસ્ટ સમયે ચાનો સરંજામ તથા ટોસ્ટ બિસ્કિટ માખણ જામ અને ફળો સાથે હાજર થતાં બેન લિએ જણાવ્યું કે નીનો સાહેબ હજુ ઊંઘે છે. છેવટે અગિયાર વાગે તબિયતના ખબર કાઢવાને બહાને હું તેમની કેબિનમાં પહોંચ્યો. અને એ ઔપચારિકતા પતાવ્યા બાદ બોલ્યો : "કેપ્ટન સાહેબ, હું આપનો ગુનેગાર છું.

"હેં શું ?" પલંગમાં બેઠેલો કેપ્ટને પૂછયું.

"આપે મારી પ્રત્યે દાખવેલ સૌજન્ય પછી મારા ધૂર્ત અંકલ વતી આપને છેતરવાનું મારે માટે અસંભવ છે."

# ભારતીય ગાયોની વિવિધ જાતીઓ તથા પ્રદેશો



૧. અમૃતમહાલ–મૈસુર, ૨. બછીર–બિહાર, ૩. બરગોર–મદ્રાસ, ૪.ડાંગી–ડાંગ, ૫.દેવની–હૈદરાબાદ, ૬. ગીર–જુનાગઢ –ગીર વિસ્તાર, ૭.હલ્લીકર–મૈસુર, ૮. ગાયલાવ–મધ્યપ્રદેશ, ૯.હરિયાણા–પંજાબ, ૧૦. કાંગયામ–કોઈમ્બતુર, ૧૧. કાંકરેજ–બનાસકાંઠા, ૧૨. કેનકટ્ટા–ઉતરપ્રદેશ, ૧૩. ખેરીગઢ –ઉતરપ્રદેશ, ૧૪. બિલારી–મહારાષ્ટ્ર, ૧૫. કૃષ્ણાવેલી–હૈદરાબાદ, ૧૬. માલવી–મધ્યપ્રદેશ, ૧૭, મેવાતી–રાજસ્થાન, ૧૮. નાગોરી–જોધપુર, ૧૯. નિમારી–નર્મદાનદીની ખીણ, ૨૦. પીંવાર–ઉતરપ્રદેશ, ૨૧.રથ–રાજસ્થાન, ૨૨.ઓંગોલ–મદ્રાસ, ૨૩.સિરી–ભૂતાન અને સિકિકમ, ૨૪.શાહિવાલ–મોન્ટગોમરી (પંજાબ), ૨૫.લાલસિંધી–સિંધ–સિમાડો. આ સિવાય પાંચ ગાયો પાકિસ્તાનમાંથી ભારતમાં આવી છે. જેનાં નામ આ મુજબ છે : ૧. થરપારકાર, ૨. ધન્ની, ૩ અફઘાન, ૪. ભગનારી, ૫. ફઝલ.

# આ મારું ચિત્ર છે



# સાવરકુંડલા પંથકમાં જળાશયમાં આવેલ નવા નીરનાં વધામણા કરતા ધારાસભ્ય કસવાલા






સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મંડળના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ શેલદેદુમલ, સુરજવડી, સુકનેરા અને ભેસાણ ડેમ સાઈટ વિકાસકામોનું અધિકારીઓ સાથે નિરીક્ષણ કર્યુ હતું. ખાસ કરીને ગામડાઓમાં પાણીના સંગ્રહ વધારવા અને વહીવટ સબંધી મુદ્દાઓને ધ્યાનમાં રાખી ડેમનાં કામોની પ્રગતિ પર તેમણે વાસ્તવિક સમીક્ષા કરી. વિશેષ રૂપે, શેલ દેદમુલ સુરજવાડીની મુલાકાત દરમિયાન ધારાસભ્યએ જળસંચય, પાણી વિતરણ અને સિંચાઈ અને રિચાર્જની સ્થિતિની જાણકારી મેળવી હતી અને તાત્કાલિક જરૂરિયાતોને ધ્યાને લઈ તંત્રને યોગ્ય સુચનાઓ આપી હતી. સુરજવડી અને શેલ્ડેડલ ડેમ કેચમેન્ટના ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધી ગ્રામ્ય પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પણ તેમણે પ્રયાસ કર્યો હતો. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્તરે ચાલી રહેતા કામોની પ્રગતિને સમજવી અને ભવિષ્યમાં યોજનામાં સિલિસલ્ટિંગ માટે જમીનસ્તરથી માહિતી એકત્ર કરવી હતો. ધારાસભ્યએ જણાવ્યું હતું કે જમીન સુધી જઈને લોકોને સાંભળવું અને તેમને અનુભવાવો કે સુચનોના આધારે કામ કરવું માટે એ મારૂ ધ્યેય છે. આ મુલાકાતમાં સરકારી અધિકારીઓ, સ્થાનિક પંચાયતી પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોમાં મુલાકાત પછી સંતોષની લાગણી જોવા મળી હતી. અને તમણે ધારાસભ્યનો આભાર વ્યકત કર્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં**

વસવાટ હોય છે.

વિશ્વભરમાં એશિયાઈ સિંહોના વસવાટ માટે પ્રખ્યાત એવા જુનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં આવેલ ગીરના જંગલમાં હાલમાં સહેલાણીઓ માટે કેટલાક વિસ્તારોમાં મનફાવે તેવી રીતે જંગલની જમીન દબાવી ધંધો વેપાર કરવાવાળા લોકોએ નફો કમાવવાની લ્હાયમાં ગેરકાયદેસર રીતે રિસોર્ટ બનાવી, જંગલની જમીન પર ગેરકાયદેસર કબ્જો કરી અનઅધિકૃત રીતે પર્યાવરણને નુકસાન કરીને આવો ગેરકાયદેસર વેપલો સરકારની નાક નીચે ચાલુ કરેલ છે.

ગીરની જંગલની જમીન પરના આવા ગેરકાયદેસર દબાણોના લીધે પર્યાવરણને તો નુકસાન થાય જ છે પણ જંગલની જમીનને પણ પ્લાસ્ટિક અને અન્ય ઝેરી પદાર્થ રસ્તા પર નાખી પ્રદુષિત કરવામાં આવે છે. જેના લીધે આવા લોકો પ્રકૃત્તિને પણ ભારે નુકસાન પહોંચાડવાનું કામ કરે છે.

આ ગીરનો જે જંગલ વિસ્તાર ૧૪ હજાર કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો છે તેમાં પણ આ ઘણો ખરો વિસ્તાર એવો છે કે તેના પર અમુક અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિ કરવામાં આવે છે અને આવી પ્રવૃત્તિ સાથે જોડાયેલા લોકો દ્વારા જંગલની જમીનો પર દબાણ કરવામાં આવેલ છે.

તો જે નામદાર સરકાર જંગલની જમીન પર જે લોકોએ દબાણ કરેલ છે તે હટાવે, ગેરકાયદેસર રીતે ધમધમતા રિસોર્ટ બંધ કરાવે, રસ્તાઓ ખુલ્લા કરાવે જેના લીધે જે સિંહો બહાર નીકળી ગયા છે તે સિંહ જંગલમાં પરત ફરે ગામડાઓમાં પણ આજ પરિસ્થિતિ ઉભી થઈ છે જેના કારણે વન્ય પ્રાણીઓ છે તે ગીર મુકીને બહાર નીકળી ગયા છે, વિદેશોમાં આવું થવું સંભવ નથી હોતું.

જેના કારણે રજુ કરવામાં આવેલ મુદાઓમાં આ પ્રવાહી પરિસ્થિતિમાં તાત્કાલિક કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં**

તાલુકાના ડાંગાવદર ગામની સીમમાં ધનજીભાઈ બલદાણીયાની વાડીએ રહેતા રામચન્દ્ર જીવાભાઈ પારગી નામના ૩૨ વર્ષિય ખેતમજુરને પોતાની પત્નિ સાથે કોઈ બાબતમાં મનદુઃખ થતા તેમને મનમાં લાગી આવતા તેમણે ભાગવી રાખેલ ડાંગાવદર ગામની સીમમાં ધનજીભાઈ બલદાણીયાની વાડીએ તા. ૨૯ રોજના આશરે સાંજે ૫ વાગ્યાથી તા. ૩૧ના સવારે ૧૧ વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે લીમડાના ઝાડની ડાળી સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં ખેતમજુરનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં અમરેલીના ચકરગઢ રોડ ઉપર આવેલ સરદાર ચોક શેરી નં. ૧માં રહેતા ચિરાગભાઈ નીતિનભાઈ ચાવડા નામના ૩૨ વર્ષિય યુવકે ગત તા. ૩૦ના રોજ રાત્રે ૧૦:૪૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે નશાના કારણે પોતે પોતાની મેળે પોતાના રહેણાંક મકાનમાં રૂમના છતના હુંક સાથે ગળાફાંસો ખાઈ લેતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં સાવરકુંડલા કલ્યાણ સોસાયાટીમાં રહેતા મુકેશભાઈ લક્ષ્મીદાસ રાયચુરા નામના ૬૦ વર્ષિય વૃધ્ધ વેપારીને ધંધામાં આર્થિક નુકસાન થતા તેઓ માનસીક તણાવમાં હોય. જેથી તેઓએ ગત તા. ૩૧ના રોજ સવારે ૯:૧૫ વાગ્યે પોતે પોતાની મેળે સાવરકુંડલા ગામે આવેલ મહુવા રોડ ઉપર ગોવર્ધન ચેમ્બર નામના કોમ્પલેક્ષમાં આવેલ ઓફીસમાં ઘઉં (અનાજ)માં નાખવાના ટીકડા પી જતા મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૩૦ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૯૫ | ૧૫૧૦ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૧૦૦ |
| ૪ | જીરૂ | ૨૯૩૫ | ૩૫૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૫૩૦ | ૧૮૦૦ |
| ૬ | તલ કાળા | ૨૫૭૫ | ૩૮૭૫ |
| ૭ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૮ | ચણા | ૯૭૫ | ૧૧૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૦૧ | ૫૩૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૦૧ | ૫૦૧ |
| ૩ | ચણા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૪ | તલ સફેદ | ૯૪૦ | ૧૬૧૫ |
| ૫ | સોયાબીન | ૮૨૫ | ૮૩૨ |
| ૬ | તુવેર | ૭૦૦ | ૧૧૦૦ |
| ૭ | ધાણા | ૯૩૦ | ૧૩૦૫ |
| ૮ | જુવાર | ૮૧૫ | ૮૧૫ |

પાના ૮ ઉપરનું ચાલું **ઉપરથી અંધારપટ્ટ અને**

અવરજવર કરવામાં ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ કોઈપણ પ્રકારની સાવચેતી વગર માર્ગનું કામ શરૂ થયુંછે અને ઉપરથી સ્ટ્રીટલાઈટ પણ કામનાં સ્થળની બંધ છે.

અમરેલીનાં હાર્દસમાં ચિતલ રોડ ઉપરની ફૂટપાથ હટાવી લેવામાં આવી પરંતુ, પથ્થરનાં ઢગ ત્યાં જ છોડી દેવામાં આવ્યા છે. ઉપરની સ્ટ્રીટલાઈટ બંધ વન-વે માર્ગ વચ્ચે દિવસભર હજારો વાહનો પસાર થતાં હોય પાલિકા અને માર્ગ-મકાન વિભાગ અંધારપટ્ટ કે પથ્થરનાં ઢગ દૂર કરવાનાં ચોઘડિયાની રાહ જોઈ રહ્યા છે.

તદુઉપરાંત, શહેરમાં બનતા તમામ ત્રણેય માર્ગની જવાબદારી માર્ગ-મકાન વિભાગની છે. ત્રણેય માર્ગ કઈ એજન્સી કરે છે, કેટલી રકમનો ખર્ચ થવાનો છે, કામ કયારે શરૂ થયુ, કયારે પૂર્ણ થશે, કેવી રીતે માર્ગ બનાવવાનો છે તે અંગગેના સાઈન બોર્ડ પણ કયાંય મારવામાં આવ્યા નથી.

માર્ગ-મકાન વિભાગને માત્ર ટકાવારીમાં જ રસ હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે માર્ગ બનાવતી વેળા સાવચેતી રાખવાની શરતનો પણ ઉલાળીયો થતો જોવા મળી રહ્યો હોય વતાનુકુલિન કચેરીમાં ઉચ્ચ અધિકારીઓ માત્ર જનતાનાં માર્ગ સલામતીનાં માત્ર આયોજન જ કર્યા કરે છે તેને લગતી કામગીરી થતી હોય તેવું કયાંય જોવા મળતું નથી.


## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર ઉપેન્દ્રભાઈ કે. બોરીસાગર બી.એ.એલ.એલ.બી. એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ) રહે, ખાંભા, તા.ખાંભા, જી. અમરેલી, તે આથી મારાં અસીલ શ્રી જયંતીભાઈ શંભુભાઈ રાઠોડ, રહે. લાસા, તા. ખાંભા, જિ. અમરેલી વાળાની સ્પષ્ટ સુચના અનુસાર આ જાહેર નોટીસ આપી આથી જાહેર જનતાને જાણ કરવાની કે,

(૧) ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના ખાંભા તાલુકાના મોજે ગામ : લાસાનાં ગામ નમૂના નં. ૨ ના અનુક્રમ નં. ૪૩ ઉપર નોંધાયેલ ગામતળની મિલ્કત જેનુ કુલ ચો.મી. ૧૪૮.૮૨૯૮ છે, તે મિલ્કત મારા અસીલશ્રીએ ખાંભાના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીના ૧ નંબરની બુકનાં અનુ. નં. ૨૦૮, તા. ૧૨/૦૫/૨૦૧૧ના રોજ નોંધાયેલ રજી. વેચાણ દસ્તાવેજથી શ્રી રતનાભાઈ બાલાભાઈ બલદાણીયા પાસેથી ખરીદ કરેલ છે. આ મિલ્કતનુ મારાં અસીલણશ્રીએ અમારી પાસે ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે, તો આ મિલકત બાબતે કે આ મિલ્કતના ઉતરોતર થયેલ વ્યવહારો બાબતે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો હોય કે આ મિલકત ઉપર કોઈપણ વ્યકિતનું કરજ, બોજો કે લીયન હોય કે, આ મિલ્કત ઉપર કોઈપણ વ્યકિતનો કબ્જો-ભોગવટો હોય કે, આ મિલ્કત ઉપર કોઈ દર, દાવો કે તકરારી કેઈસ ચાલતો હોય કે, આ મિલ્કત સંબંધે કોઈનું કોઈપણ અન્ય રીતે હિત સંકળાયેલ હોય, અથવા તો આ મિલ્કતનુ ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટિફીકેટ આપવા સંબંધે કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી અમોને દિન-૮માં રજી. પોસ્ટથી મળી જાય તે રીતે તમામ પ્રકારનાં આધાર-પુરાવા સાથે લેખીતમાં અમારાં નીચેનાં સરનામે જાણ કરવી, જો સદરહું સમય દરમ્યાન કોઈપણ વ્યકિત, પેઢી કે સંસ્થા દ્વારા કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર લેવામાં નહિ આવે તો આ મિલ્કત સંબંધે ટાઈટલ કલીયર રીપોર્ટ/સર્ટીફીકેટ આપવા બાબતે કોઈને વાંધો કે તકરાર નથી, અને હોય તો તે જતા કરેલ છે તેમ માની અમો ટાઈટલ કલીયર રીપોર્ટ સર્ટીફીકેટ આપીશુ. જેની જાહેર જનતાએ આથી નોંધ લેવી.

સ્થળ: ખાંભા
તારીખ: ૦૧/૦૮/૨૦૨૫

::ઓફિસ::
''ઉપેન્દ્ર કે. બોરીસાગર''-એડવોકેટ
તક્ષશીલા વિદ્યા સંકુલ-ખાંભા,
મુ.તા.ખાંભા, જી.અમરેલી. ૩૬૫૬૫૦

**ઉપેન્દ્ર કે. બોરીસાગર**
**એડવોકેટ-ખાંભા**
En.No.G-1486/2003
**મો.૯૪૨૬૪ ૫૭૪૯૨**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૫૦ | ૧૦૨૬ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૪ | ૧૦૬૩ |
| ૩ | શિંગદાણા | ૧૨૦૦ | ૧૪૨૬ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૫૨ | ૧૩૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૭૦ | ૨૩૫૧ |
| ૬ | તલ કાળા | ૨૨૭૫ | ૪૦૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૩૦૨ |
| ૮ | બાજરો | ૨૯૨ | ૩૦૩ |
| ૯ | જુવાર | ૮૬૬ | ૮૬૬ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૧૭ | ૫૬૮ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૨૧ | ૫૮૧ |
| ૧૨ | મગ | ૧૨૯૫ | ૧૫૪૫ |
| ૧૩ | અડદ | ૮૪૦ | ૧૨૮૧ |
| ૧૪ | ચણા | ૯૪૦ | ૧૨૧૪ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૮૦ | ૧૨૩૯ |
| ૧૬ | છોલે ચણા | ૧૬૧૧ | ૧૭૦૦ |
| ૧૭ | તુવેર | ૧૦૩૫ | ૧૨૫૦ |
| ૧૮ | કપાસ | ૯૪૨ | ૧૭૦૫ |
| ૧૯ | એરંડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૨૦ | જીરૂ | ૩૩૯૦ | ૩૬૦૫ |
| ૨૧ | ધાણી | ૧૧૦૦ | ૧૪૨૩ |
| ૨૨ | મેથી | ૭૦૦ | ૭૫૦ |
| ૨૩ | સોયાબીન | ૫૪૦ | ૮૪૯ |
| ૨૪ | કાંગ | ૨૬૦ | ૫૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૦૦ | ૮૯૧ |
| ૨ | ચણા | ૧૧૭૦ | ૧૧૮૫ |
| ૩ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૪ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૩૮૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૦૦૦ |
| ૭ | મગ | ૧૨૨૫ | ૧૩૦૦ |
| ૮ | જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| ૯ | સોયાબીન | ૮૨૫ | ૮૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૦૮૨ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૩ |
| ૩ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૦૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૫૧ |
| ૫ | તલ કાળા | ૩૬૦૦ | ૪૧૦૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૬૭૨ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૬૮૧ |
| ૧૦ | જુવાર | ૫૦૦ | ૭૬૮ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૬૦૦ |
| ૧૨ | મગ | ૧૨૦૦ | ૧૪૮૨ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૩૯૧ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| ૧૫ | તુવેર | ૧૧૦૦ | ૧૨૮૫ |
| ૧૬ | એરંડી | ૧૧૫૦ | ૧૨૮૬ |
| ૧૭ | ધાણા | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૮ | સોયાબીન | ૭૩૦ | ૮૮૦ |


## જાહેર નોટીસ

**અમરેલી ગામે સુધરાઈ હદમાં લીલીયા રોડ રસ્તે આવેલ રેવન્યુ સર્વે નંબર ૯૬/૧ પૈકી, સીટી સર્વે નંબર ૯૩૮ પૈકી ૨૯૨-૬૪-૫૫ ચો.મી. વાળી મિલ્કત સંબંધે જાહેર નોટિસ**

આથી અમો એડવોકેટ અજય જે. રાઠોડ એડવોકેટ રહે. અમરેલીવાળા તે અમોને મળેલ માહિતી અને સુચના મુજબ જાહેર જનતાને આ નોટિસ દ્વારા જણાવીએ છીએ કે, અમરેલી તાલુકા અમરેલી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર ૯૬/૧ પૈકી સીટીસર્વે નંબર ૯૩૮ પૈકીની કુલ ૨૯૨-૬૪-૫૫ ચો.મી.વાળી મિલ્કત હાલ ચંદ્રિકાબેન રમેશભાઈ ધાનાણી, રહે. અમરેલી હાલ-અમદાવાદવાળાની માલિકી કબ્જા ભોગવટાની છે અને પોર્પટી કાડમાં તેઓના નામે મિલ્કત ચાલી રહેલ છે. આ ચંદ્રિકાબેન રમેશભાઈ ધાનાણીએ અમારા અસીલ પટેલ સરલાબેન પ્રદીપભાઈ તથા પટેલ રાહુલ પ્રદીપભાઈ, રહે. માણેકપરા, ભગવતી ચોક, અમરેલીને વેચાણે આપવાનું સાટુ કરવામાં આવેલ છે.

આ ઉપરોકત મિલ્કત બાબતે જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોકત મિલ્કતની માલિકી બાબતેના ટાઈટલ બાબતે કોઈને પણ કોઈપણ પ્રકારનો હકક, હિત, સંબંધ કે દાવો હોય તો તે અંગેના જરૂરી સાધનીક કાગળો સાથે તેમનો હકક-હિત-સંબંધ કે દાવો અમારી પાસે દિન-૭ની અંદર અમારા નીચેના સરનામે રજુ કરશો. તેમજ આ ઉપરોકત જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુખાતામાં, પંચાયત વિભાગમાં કે કોઈપણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈપણ જગ્યાએ વાદ-વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ-વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટિસની તારીખથી દિન-૭માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મિલ્કત ટાઈટલ કલીયર છે અને કોઈ હકક-હિત-હિસ્સો હોય તો તે (વેઈવ) જતો કરે છે. તેવું અમો માની લેવામાં આવશે ત્યારબાદ જે તેનો આ મિલ્કતમાં કોઈ હકક રહેશે નહી. આ મિલ્કત સંબંધે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ આપ્યા બાદ અમો ઉપરોકત મિલ્કતના વેચાણ દસ્તાવેજની નોંધણી થયા બાદ કોઈપણનો વાંધો-વચકો ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ: ખાંભા
તારીખ: ૦૨/૦૮/૨૦૨૫

::ઓફિસ::
જુના માર્કેટયાર્ડ, પહેલા માળે,
હરીરામ હોલસેલ માર્કેટ,
કોંગ્રેસ કાર્યાલયની સામે, અમરેલી

**અજય જે. રાઠોડ**
**એડવોકેટ**
**મો.૯૮૨૪૯ ૩૦૩૧૬**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૮૦ | ૧૦૫૧ |
| ૨ | તલ સફેદ | ૧૩૫૦ | ૧૮૫૬ |
| ૩ | તલ કાળા | ૩૩૦૦ | ૩૬૯૦ |
| ૪ | તલ પીળા | ૧૮૫૨ | ૧૮૫૨ |
| ૫ | બાજરો | ૩૬૫ | ૫૬૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૪૦ | ૫૯૫ |
| ૭ | જુવાર | ૫૭૫ | ૮૩૨ |
| ૮ | મગ | ૧૫૫૬ | ૧૫૫૬ |
| ૯ | અડદ | ૧૪૧૫ | ૧૪૧૫ |

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દીકરીઓ ૬૯મી અખિલ ભારતીય શાળાકીય રમતની તાલુકા લેવલની સ્પર્ધામાં અવ્વલ નંબરે



યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ-ચલાલામાં દિકરીઓને ફ્રિ શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ માટે કરાટે, સ્કેટિંગ, આર્ચરી, રાઈફલ, શુટિંગ, ઘોડે સવારી, આર્મી ટ્રેનીંગ, ઓપ્ટીકલ સાથે એન.ડી.એ.ની તૈયારી કરવામાં આવે છે. જેમાં તાજેતરમાં અખિલ ઓથોરીટી ઓફ ગુજરાત જિલ્લા રમતગમત અધિકારી કચેરી, અમરેલી આયોજિત ધારી મુકામે ૬૯મી અખિલ ભારતીય શાળાકીય રમતોની તાલુકા કક્ષાની સ્પર્ધામાં દિકરીઓએ સિધ્ધી મેળવી છે. તાલુકા કક્ષાની સ્પર્ધામાં રક્ષા શકિત ગર્લ્સ સ્કુલની દિકરીઓ ખો-ખો અને કબડ્ડીની સ્પર્ધામાં પ્રથમ રેન્ક પ્રાપ્ત કર્યો. આ ઉપરાંત એથ્લેટિકસ વિભાગમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર, ૬૦૦ મીટર, ૮૦૦ મીટર, ૧૫૦૦ મીટર, લાંબી કુદ, ઉંચી કુદની સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં દિકરીઓએ ૬ ગોલ્ડ મેડલ, ૬ સિલ્વર મેડલ અને ૬ બ્રોન્ઝ મેળવી સંસ્થાનું તથા સ્કુલનું નામ રોશન કર્યુ છે. થનાર ખો-ખો અને કબડીની ટીમ, મેડલ પ્રાપ્ત કરેલ દિકરીઓ હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. સ્પર્ધામાં ક્રમાંક મેળવવા બદલ સંસ્થાના વડા પૂ. સંત. ડો. રતિદાદાએ દિકરીઓને આશીર્વચન આપ્યા હતા તેમજ વિજેતા દિકરીઓને તિલક કરી, મંત્ર પટ્ટા પહેરાવી અભિવાદન કર્યુ હતું. ઉપરાંત માર્ગદર્શન આપનાર રક્ષા શકિત ગર્લ્સ સ્કુલના પીટી ટીચર કોચ હેતલબેનને મંત્ર પટ્ટા પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા. ભારત ભુષણ મહેશભાઈ મહેતા, ડાયરેકટર શીતલબેન મહેતા, આચાર્ય તુષારભાઈ સહિત સ્ટાફગણે વિજેતા ટીમ તથા મેડલ મેળવવા બદલ દિકરીઓને શુભેચ્છા આપી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રક્ષા શકિત ગર્લ્સ સ્કુલના સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

# એપીએમ ટર્મિનલ્સ પિપાવાવએ કૌશલ વિકાસને વેગ આપવા અત્યાધુનિક સીએનસી વર્કશોપ શરૂ કર્યો

પિપાવાવ, તા. ૧

રાજુલા, ગુજરાત– ૧ ઓગસ્ટ ૨૦૨૫–એપીએમ ટર્મિનલ્સ પિપાવાવએ ગ્રામીણ યુવા વચ્ચે કૈશલ અને ઉદ્યોગ સાહસિકતાલક્ષી અભિગમ કેળવવા અંગે પોતાની કટિબદ્ધતાના ભાગરૂપે ગુજરાતના રાજુલા ખાતે આવેલી તેની સ્કીલ એન્ડ એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ખાતે અત્યાધુનિક કોમ્પ્યુટર ન્યુમેરિકલ કન્ટ્રોલ (સીએનસી) વર્કશોપ શરૂ કર્યો છે. આ સુવિધા મિલિંગ, ડ્રિલિંગ અને ટેપિંગ કામગીરી માટે મેન્યુફેકચરિંગ સેકટરમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગમાં લેવાતી કોમ્પ્યુટર સંચાલિત સિસ્ટમ એવી હાઈ–પ્રિસિશન વર્ટીકલ મશિનિંગ સેન્ટર (વીએમસી)થી સંપૂર્ણપણે સજજ છે.



આ વર્કશોપ એવી રીતે ડિઝાઈન કરવામાં આવેલ છે. કે જેથી વિવિધ ઔદ્યોગિક સેકટરમાં રોજગારલક્ષી જે તકો ઉભરી રહી છે. તે હાંસલ કરી શકાય તેવી વ્યાપક માંગ ધરાવતા કૌશલથી સજજ પ્રિસિશન મશિનિંગમાં સ્થાનિક યુવાનોને તાલીમ પૂરી પાડી શકાશે. આ સાથે આજુબાજુના સમુદાયોમાં ભવિષ્ય માટે વર્કફોર્સનું નિર્માણ કરવાના કંપનીના લાંબા ગાળના દ્રષ્ટિકોણ તથા સમાવેશી વિકાસને વેગ આપવાની ઉમદા ભાવના પણ આ સાથે જોડાયેલી છે.

એપીએમ ટર્મિનલ્સ પિપાવારના મેનેજીંગ ડિરેકટર ગિરીશ અગ્રવાલે ઉદઘાટન પ્રસંગે જણાવ્યું હતું કે, એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ ખાતે અમારૂ દ્રઢપણે માનવું છે કે સમુદાયના સશક્તિકરણ અને વિકાસ માટે કૌશલ વિકાસ એ ખૂબ જ જરૂરી બને છે. સરકારના રાષ્ટ્રીય કૌશલ વિકાસ અભિયાન સાથે જોડાઈને અમારૂ ધ્યાન પિપાવાવ પોર્ટની આજુબાજુના ગામોના યુવાનોને પ્રેકિટકલ, ઉદ્યોગ સંબંધિત કૌશલથી સજજ કરવા પર છે. જેથી તેઓ આવતીકાલ એટલે કે ભવિષ્યની વર્કફોર્સની જરૂરિયાતને અનુરૂપ બની શકે. રિયલ–વર્લ્ડ કેપેબિલિટીઝને વેગ આપીને અમે અર્થપૂર્ણ કારકિર્દીને તૈયાર કરવા ઉપરાંત અમારા સમુદાયો તથા વ્યાપક પ્રદેશમાં લાંબા ગાળાના ટકાઉ વૃધ્ધિમાં રોકાણ કરી રહ્યા છીએ. અમારી કટિબધ્ધતા એ છે કે અમારી આજુબાજુ રહેલા દરેક યુવા અમારી સાથે આગળ વધે અને સ્થાનિક પ્રગતિ તથા ભારતના આર્થિક ભવિષ્યમાં પોતાનું યોગદાન આપે.

સીએનસી વર્કશોપ એ એપીએમ ટર્મિનલ્સ પિપાવાવના વ્યાપક કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) મિશનનો ભાગ છે. જે છેલ્લા એક દાયકામાં ૪૦૦ ગામોમાં એક લાખથી વધારે લોકો પર સકારાત્મક પ્રભાવ પાડી રહેલ છે. રાજુલામાં કંપનીના કૌશલ અને ઔદ્યોગિક વિકાસ સંસ્થા સાથે બે સબ–સેન્ટર તથા વર્ચ્યુઅલ રિયાલિટી સેન્ટર ઓફ એકસેલેન્સ સાથે મળી ૩૦૦૦થી વધારે યુવાનોને તાલીમ તથા રોજગારી આપવામાં આવી છે. જે પૈકી ૫૧ ટકા કરતાં વધારે સહભાગી મહિલાનો સમાવેશ થાય છે.

વર્ટિકલ મશીનિંગ સેન્ટર જેવી અત્યાધુનિક તાલીમ મોડયુલ્સ શરૂ કરી એપીએમ ટર્મિનલ્સ પિપાવાર ગ્રામીણ યુવાનોને નોકરી માટે તૈયાર થવા માટે સક્ષમ બનાવી રહેલ છે. આ સાથે સ્વરોજગાર અને ઔદ્યોગિક તકોનું સર્જન કરી રહેલ છે. તેના સતત પ્રયાસ ગ્રામીણ પ્રતિભાઓને આધુનિક, તકોથી સમૃદ્ધ માહોલમાં પ્રગતિ કેળવવા સક્ષમ બનાવી રહેલ છે.

### ધ્વનિ પ્રદુષણને લઈને દેકારો

# દામનગરનાં રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવર સામે નારાજગી

## મોબાઈલ ટાવર હટાવવા માંગ કરાઈ

દામનગર, તા. ૧

દામનગર શહેરમાં સિપાઈ શેરી કુંભાર વાડા રહેણાંક વિસ્તાર મોબાઈલ ટાવર ઉભો કરતી કંપની સામે સ્થાનિકો માં ભારે નારાજગી ઉભી થઈ સિપાઈ શેરી અને કુંભાર વાડાના રહીશો એ મોબાઈલ ટાવર રહેણાંક વિસ્તારમાંથી અન્યત્ર ખસેડવા બુલંદ માંગ સાથે દામનગર નગરપાલિકાના ચીફ ઓફિસર ને આવેદન પત્ર પાઠવ્યું સિપાઈ શેરી અને કુંભાર વાડાના રહીશો એ રહેણાંક હેતુની જમીન ઉપર વાણિજય હેતુના ઉપયોગ કિરણોત્સવ પ્રદુષણ પ્રવનિ પ્રદુષણ ઉપરાંત પક્ષી ચરકના ઉપદ્રવ જેવા કારણો સાથે પાલિકા તંત્ર સમક્ષ તાકીદે મોબાઈલ ટાવર મંજૂરી રદ કરવાની માંગ કરી હતી રહેણાંક હેતુ માટે મુકરર થયેલ જમીનનો વાણિજય હેતુમાં ગેર કાયદેસર ઉપીયોગ કોઈ સક્ષમ



પ્રધિકારીની મંજૂરી વગર થતા ઉપયોગ સામે ભારે નારાજગી સાથે આ અંગે જિલ્લા કલેકટર અમરેલી તેમજ પ્રાદેશિક કમિશનર કચેરી ભાવનગર સહિતને આવેદન પત્રની કોપી પાઠવી રહેણાંક હેતુની જમીનનો ઉપીયોગ માત્ર ને માત્ર રહેણાંક હેતુ માટે થવા બુલંદ માંગ કરી હતી.

### ઈન્ડિયન રેલ્વે ફાઈનાન્સનાં સીએસઆર ફંડમાંથી

# ટીંબી : શ્રી નિર્દોષનંદજી હોસ્પિટલને રૂપિયા ૨ કરોડની રકમનું અનુદાન

## દર્દીનારાયણનાં હિતમાં ઉતમ કામગીરી

ટીંબી, તા. ૧

સ્વામી શ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર) નાં આરોગ્યલક્ષી સેવાકાર્યથી સંપૂર્ણ માહિતગાર અને પ્રભાવિત એવા મુ. કડીનાં વતની ગાંધીનગર સ્થિત વલ્લભભાઈ માણેકલાલ પટેલ (પ્રેસીડેન્ટશ્રી, કડી સર્વ વિશ્વ વિદ્યાલય–ગાંધીનગર) કે જેઓ ઈન્ડીયન રેલ્વે ફાઈનાન્સ કોર્પોરેશનનાં બોર્ડ ઓફ ડિરેક્ટરમાં સીએસઆર ફંડ કમીટીનાં સ્વતંત્ર નિર્દેશક ડિરેક્ટર તરીકેની જવાબદારી સંભાળે છે. જેઓનાં અથાગ પ્રયત્નોથી ઈન્ડીયન રેલ્વે ફાઈનાન્સ કોર્પોરેશન (આઈઆરએફસી) નવી દિલ્હી દ્વારા ગત્ વર્ષનાં સીએસઆર ફંડમાંથી રૂા.૨,૦૦,૮૫,૦૯૯/– અંકે રૂપિયા બે કરોડ પંચાસી હજાર નવાણું પુરા જેવી માતબર રકમનું અનુદાન હોસ્પિટલનાં દર્દીઓનાં લાભાર્થે મંજુર કરેલ છે.



આવી માતબર રકમની સહાય આપવા બદલ ઈન્ડીયન રેલ્વે ફાઈનાન્સ કોર્પોરેશન (આઈ આરએફસી) નવી દિલ્હી નાં બોર્ડ ઓફ ડિરેક્ટરનાં તમામ સભ્યો તેમજ હોદ્દેદારોનો હોસ્પિટલ ટ્રસ્ટીમંડળ એ હદયપૂર્વકનો આભાર માનેલ છે.

આ કાર્યમાં નિમીત્ત બની સંપૂર્ણ સહયોગ આપનાર વલ્લભભાઈ પટેલ (સરદાર) શ્રીનું ગાંધીનગર મુકામે વહીવટકર્તા ટ્રસ્ટી/ઉપપ્રમુખ–બી.એલ.રાજપરા અને ટ્રસ્ટી–તુષારભાઈ વિરડીયા (સીએ) દ્વારા સદ્ગુરૂદેવનાં 'જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ઈન્ડિયન રેલ્વે ફાયનાન્સ કોર્પોરેશન સીએસઆર ફંડ કમિટીનાં નિર્દેશ પદે વલ્લભભાઈ માણેકલાલ પટેલની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સુચનાથી નિમણુંક કરવામાં આવી છે.

# અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં પ્રણિક હિલીંગ ચિકિત્સાનું વ્યાખ્યાન યોજાયુ



અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા આર્ટ્સ કોલેજ અમરેલી ખાતે આજરોજ તા. ૧/૮/૨૫ને શુક્રવારના રોજ કોલેજ ઓડિટોરિયમ હોલમાં ''પ્રાણિક હિલીંગ ચિકિત્સા'' પદ્ધતિમાં કૌશલ્યતા ધરાવનાર સોનલબેન શાહ દ્વારા એક વકતવ્યનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીનીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

સૌ પ્રથમ કાર્યક્રમના પ્રારંભમાં ડો. વિલાસબેન સોરઠીયાએ સોનલબેન શાહનો પરિચય આપ્યો. સંસ્થાના ઈન્ચાર્જ આચાર્ય ડો.જી.વી. વેલિયત દ્વારા પુષ્પગુચ્છ તથા સ્મૃતિભેટ દ્વારા સોનલબેન શાહનું અભિવાદન કર્યુ હતું.

સોનલબેન શાહે ''પ્રાણિક હિલીંગ ચિકિત્સા'' વિશે વિસ્તૃત માહિતી આપી અને ત્યારબાદ મેડિટેશન કરાવીને અભ્યાસકીય, શારીરિક અને સામાજિક સંબંધોમાં કઈ રીતી હિલીંગ કરી શકાય તેની સમજ આપી હતી.

કાર્યક્રમનાં અંતે ડો. વિલાસબેન સોરઠીયાએ આભાર દર્શન કર્યુ. આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ આચાર્ય, સ્ટાફગણ તથા વિદ્યાર્થીનીઓનો ખુબ જ સહકાર સાપડયો હતો.

આજના આ કાર્યક્રમ બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભા પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, કિશોરભાઈ મહેતા, ચતુરભાઈ ખૂંટ તથા કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડો.જી.વી. વેલિયત તેમજ વિદ્યાનસભાના નિયામક ડો. ગીરીશભાઈ ભીમાણી, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ.

# શ્રી દામનગર સેવા સહકારી મંડળી લી. ની વાર્ષિક સાધારણ સભા મળી ૪૦, લાખનો ચોખ્ખો નફો - ૧૫% ડીવીડન્ડ જાહેર

દામનગર, તા. ૧

દામનગર સેવા સહકારી મંડળી લી.ની ૭૪મી વાર્ષિક સાધારણ સભા મંડળીના પ્રમુખ હરજીભાઈ નારોલાના અધ્યક્ષ સ્થાને મળી હતી. વાર્ષિક હિસાબો રજુ કરતા નારોલાએ જણાવ્યું હતું કે ૬૫૧ સભાસદ ધરાવતી મંડળીનું કે.સી.સી. તથા મ.મુ ધિરાણ રૂ. ૧૦૯૧ લાખ છે

મંડળીએ વર્ષ ૨૦૨૪–૨૫માં ૪૦, લાખનો ચોખ્ખો નફો કરેલ છે. સભાસદોને ૧૫% ડીવીડન્ડ તથા સભાસદ ભેટ આપવાનું જાહેરાત કરતા સૌએ હર્ષથી આ જાહેરાતને વધાવી લીધી હતી. મંડળીના સભાસદનું આકસ્મિક કે કુદરતી મૃત્યુ થાય તો સ્વભંડોળમાંથી સહાય કરવામાં આવે છે. મંડળીમાંથી ધીરાણ લેતા સભાસદોનો આક.વીમો રૂ. ૩ લાખનો મંડળી તરફથી લેવામાં આવે છે.

મંડળીનો ઓડીટ વર્ગ ''અ'' છેલ્લા ૨૬ વર્ષથી અવિરતપણે સતત આવી રહ્યો છે મંડળીની વસુલાત ૯૯.૬૦% રહી છે જયારે એન.પી.એ ૦ શુન્ય છે ચાલુ વર્ષે મંડળીના ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત મહોત્સવની ઉજવણી કરવાનું પ્રમુખે જાહેરાત કરતા સભાસદોએ તાલીઓના ગડગડાટથી વધાવી લઈ આનંદ વ્યકત કર્યો હતો અત્રે યાદ રહે કે મંડળીનું સુકાન ૧૯૯૫ અવિરતપણે હરજીભાઈ નારોલા સંભાળી રહ્યા છે. વાર્ષિક સાધારણ સભામાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના દામનગર શાખાના મેનેજર ભરતભાઈ ગરણીયા, સુપરવાઈઝરો અમીતભાઈ ડાબસરા અને રાજુભાઈ માલવીયા, મંડળીની વ્યવસ્થાપક કમિટીના સભ્યો તેમજ વિશાળ સંખ્યામાં ખેડુત સભાસદો હાજર રહ્યા હતા. મંડળીના મંત્રી અનીલભાઈ જોગાણીએ આભારવિધિ કરી હતી.

# ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવા અવસરે ગુજરાત @ ૭૫ ડિઝાઈનની થીમ પર આકર્ષક લોગો તૈયાર કરી ૩ લાખનું ઈનામ મેળવવાની નાગરિકોને તક

## તા. ૨૮ જુલાઈથી ૧૪ ઓગસ્ટ દરમિયાન લોગો ડિઝાઈન સબમિટ કરી શકાશે

અમરેલી, તા.૧

ગુજરાતની સ્થાપનાના ગૌરવશાળી ૭૫ વર્ષ ૨૦૩૫માં પૂર્ણ થશે. આ ઐતિહાસિક પ્રસંગની ઉજવણી રૂપે, ગુજરાત સરકારે MyGovinda પ્લેટફોર્મ પર રાષ્ટ્રીય સ્તરે લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતના ૭૫ વર્ષની આ ભવ્ય યાત્રાના પ્રતીકરૂપે સર્જનાત્મક અને અર્થપૂર્ણ 'લોગો' મંગાવી, તેને રાજયના આર્થિક નેતૃત્વ, ટેક્નોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો શુભ આશય આ સ્પર્ધાનો છે.

મુખ્યમંત્રીએ સર્જનાત્મકતાની અભિવ્યક્તિના આગવા અવસર સમાન આ લોગો ડિઝાઈન માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો Mygov.in પ્લેટફોર્મ પર પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઈન કરેલા લોગો તા. ૨૮ જુલાઈ થી તા.૧૪ ઓગસ્ટ દરમિયાન Mygov.in ની http://www.mygov.in/task/gujarat75-years-logo-competition/ લિંક પર સબમીટ કરી શકશે.

આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનાર લોગોને રૂપિયા ૩ લાખનો પુરસ્કાર તેમજ પ્રથમ પાંચ સ્પર્ધકોને મુખ્યમંત્રીના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. આથી વધુમાં વધુ નાગરિકોને આ તકનો લાભ લેવા અનુરોધ છે.

**સૌજન્યઃ મહેન્દ્ર વેકરિયા,**
**સૂરત પ્રાદેશિક માહિતી કચેરી**

### તા. ૦૪ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ

# અમરેલી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ ખાતે યોજાશે મહિલા રોજગાર ભરતીમેળો

## વધુ વિગત માટે રોજગાર અધિકારીનો સંપર્ક કરો

અમરેલી તા. ૧

ઓગસ્ટના પ્રથમ સપ્તાહ મહિલાઓને સમર્પિત છે. આ સપ્તાહ દરમિયાન મહિલાલક્ષી વિવિધ કાર્યક્રમનું આયોજન હાથ ધરવામાં આવે છે. આગામી તા.૦૪ ઓગસ્ટને સોમવારના રોજ મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી અંતર્ગત મહિલાઓ માટે ખાસ રોજગાર ભરતીમેળાનું આયોજન હાથ ધરવામાં આવશે. જિલ્લાના મહિલા રોજગાર ઈચ્છુકોને રોજગારનો ઉમદા અવસર પ્રાપ્ત થાય તે માટે જિલ્લાના ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમો માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા, ખાલી જગ્યાઓને અનુઢપ ધો.૧૦ પાસ થી ગ્રેજયુએટની શૈક્ષણિકની લાયકાત ધરાવનાર મહિલાઓ માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માપ્રયમથી ભરતીમેળાનું આયોજન તા.૦૪.૦૮.૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે અમરેલી ચિતલ રોડ સ્થિત મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ ખાતે કરવામાં આવશે. આ રોજગાર ભરતીમેળામાં ભાગ લેવા માટે અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે રજિસ્ટ્રેશન લીંક http://anubandhan.gujarat.gov.in/account/signup પર નોંધણી કરવી, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે

### મોંઘા ભાવનાં બિયારણ, દવા,ઉપર ખતરો

# ખાંભા પંથકમાં વરસાદ ખેંચાતા જગતાત ગણાતા ખેડુતો ચિંતામય બન્યા

## વરસાદનો વિલંબ દુર થાય તેવી પ્રાર્થના શરૂ

ખાંભા, તા. ૧

ખાંભા ગીર પંથકમાં ચોમાસાનો પ્રથમ વરસાદ સારો થતા ખેડુતોએ મોંઘા ભાવે બિયારણ લઈ મગફળી કપાસ સહિતનું પાક વાવી દીધો હતો. ત્યારે કપાસ મગફળી પાકે ઉગાવો પણ સારો એવો લીધો હતો. અને ખેડુતો મોલાત ને દવાઓ અને પરાવી કપાસ મગફળી સહિતના પાક ઉજેરો હતો. મોલાત પણ સોળે કળાએ ખીલી ઉઠી હતી. પરંતુ હાલ વરસાદની જરૂરિયાત હોય અને મોલાત મરણ જીવવા વચ્ચે જોલા ખાઈ રહી છે. કપાસ મગફળી સહિતના પાક ને વરસાદની જરૂરિયાત હોય ત્યારે ખાંભા ગીર પંથકમાં લાંબા સમયથી વરસાદ નય થતા ખેડુતો ચિંતામાં મુકાયા.



### ખેડુતોના બેંક ખાતામાં જમા થશે ૨૦મો હપ્તો

# આજે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થીઓના ખાતામાં રૂ.૨૦૦૦ જમા થશે

## પ્રધાનમંત્રી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાશે : જિલ્લાભરમાં યોજાશે કાર્યક્રમ

અમરેલી, તા.૧

અમરેલી સ્થિત દાદા ભગવાન મંદિર સહિત જિલ્લાભરમાં તા.૨ ઓગસ્ટ, ૨૦૨૫ને શનિવારના રોજ પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી થશે. આ નિમિત્તે અમરેલી જિલ્લામાં પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાનો લાભાર્થી ખેડૂતોના ખાતામાં ૨૦ હપ્તો જમા થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઉત્તરપ્રદેશના વારાણસીથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાશે અને પી.એમ. કિસાન સન્માન યોજના હેઠળની સહાય રૂ.૨૦૦૦ ખેડૂતોના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

અમરેલી શહેરના ખારાવાડીના લીલીયા રોડ પરના દાદા ભગવાન ત્રિમંદિરના જાયજેન્ટિક હોલ ખાતે તા.૨/૮/૨૦૨૫ને શનિવારના રોજ આયોજિત પી.એમ. કિસાન ઉત્સવ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણીમાં ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષસ્થાને અને સાંસદ અને જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરિયા તેમજ ધારાસભ્યઓ સહિતના પદાઅધિકારીઓ–અધિકારીઓ સહભાગી બનશે. આ ઉપરાંત જિલ્લાના તાલુકા મથકો, જિલ્લાની તમામ એ.પી.એમ.સી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે, જિલ્લાની તમામ ગ્રામ પંચાયત ખાતે કે સહકારી મંડળી ખાતે અને જિલ્લાની તમામ પ્રધાનમંત્રી કૃષિ સમૃધ્ધિ કેન્દ્રો ખાતે પણ પી.એમ. કિસાન ઉત્સવના કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને લાભાર્થી ખેડૂતો બહોળી સંખ્યામાં જોડાશે અને વડાપ્રધાન અને મુખ્યમંત્રીના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળશે. સાથે જ આ કાર્યક્રમમાં ખેડૂતને જોડાવવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમ અને પી.એમ. કિસાન યોજનાને લગતી વધુ જાણકારી માટે સંબંધિત ગ્રામ પંચાયત, એ.પી.એમ.સી., સહકારી મંડળી, તાલુકા અને જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલી

### – :: ચૂંટણીનું જાહેરનામું :: –

–//નમુનો–૧//– (જુઓ નિયમ – ૧૬)

**ક્રમાંક : ચટણ / વશી / ૬૫૩ / ૨૦૨૫** **નાયબ કલેકટર કચેરી, અમરેલી**
**તા. ૦૧/૦૮/૨૦૨૫**

ગુજરાત નિર્દિષ્ઠ સહકારી મંડળીઓના સમિતિઓની ચૂંટણી બાબત નિયમો – ૧૯૮૨નાં નિયમ–૧૬થી મળેલ સતાની રૂઈએ હું અમરેલી સબ ડિવિઝનના નાયબ કલેકટર (પ્રાંત) અને ચૂંટણી સતાધિકારી, અમરેલી તરીકે આથી જાહેર કરૂ છું કે, અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલીના નામે ઓળખાતી નિર્દિષ્ઠ સંઘ વ્યવસ્થાપક સમિતિનાં સભ્યોની તેના મતદારોમાંથી ચૂંટાયેલા સભ્યોની બોર્ડ ઓફ ડિરેકટર્સની મિટિંગની પ્રથમ બેઠક મળે તે તારીખથી પાંચ વર્ષની મુદ્દત માટે (૧) સંયોજીત દુધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ–૬, (૨) સંયોજીત મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળીઓના પ્રતિનિધિ–૩, (૩) વ્યકિતગત શેરહોલ્ડર (ડેલીગેટ)માંથી પ્રતિનિધિ–૪, (૪) સંયોજીત મહિલા સહકારી મંડળીઓના પ્રતિનિધિ–૨, (૫) અન્ય સંયોજીત સહકારી મંડળીઓ (ઈતર)ના પ્રતિનિધિ–૨, એમ મળી કુલ–૧૭ (સત્તર) બેઠકોની ચૂંટણી થવાની છે અને નિર્દિષ્ઠ કરેલ મતદાર મંડળ (ઝોન) અથવા મતદાર મંડળો જેનો આમા હવે ''સબંધિત મતદાર મંડળ (ઝોન)'' તરીકે ઉલ્લેખ કર્યો છે. તેની ચૂંટણી સંબંધમાં–

### – :: અનુસુચિ :: –

| | | |
|---|---|---|
| ૧ | ઉમેદવારીપત્રો ભરવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ | તા. ૦૧/૦૮/૨૦૨૫ થી તા. ૦૮/૦૮/૨૦૨૫, ૧૫ : ૦૦ કલાક સુધી, મામલતદાર કચેરી, અમરેલી (ગ્રામ્ય) ખાતે રજાના દિવસો સિવાય. |
| ૨ | ઉમેદવારીપત્રોની પ્રસિધ્ધિની તારીખ | ઉમેદવારીપત્રો ભરવા માટેની ઠરાવેલી છેલ્લી તા. ૦૮/૦૮/૨૦૨૫ |
| ૩ | ઉમેદવારીપત્રો ચકાસવાની તારીખ, સમય અને સ્થળ | તા. ૧૧/૦૮/૨૦૨૫, સવારે ૧૧:૦૦ કલાકથી મામલતદાર કચેરી, અમરેલી (ગ્રામ્ય) |
| ૪ | માન્ય ઉમેદવારીપત્રોની યાદી પ્રસિધ્ધિની તારીખ | તા. ૧૨/૦૮/૨૦૨૫ |
| ૫ | ઉમેદવારી પાછી ખેંચી લેવાની તારીખ | તા. ૧૩/૦૮/૨૦૨૫, ૧૫:૦૦ કલાક સુધી |
| ૬ | હરિફ ઉમેદવારની છેવટની યાદીની પ્રસિધ્ધિની તારીખ | તા. ૧૪/૦૮/૨૦૨૫, ૧૫:૦૦ કલાક સુધી |
| ૭ | મતદાનની તારીખ, સ્થળ અને સમય | તા. ૨૩/૦૮/૨૦૨૫, સમય : સવારના ૯:૦૦ કલાકથી ૧૫ : ૦૦ કલાક સુધી, અમર ડેરી, ત્રીજો માળ, એડમીન બિલ્ડીંગ, ધારી–અમરેલી રોડ, મુ. વાંકીયા, તા.જી. અમરેલી |
| ૮ | મતગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ | તા. ૨૫/૦૮/૨૦૨૫, સમય : સવારના ૯:૦૦ કલાકથી પૂર્ણ થતાં સુધી, મામલતદાર કચેરી, અમરેલી (ગ્રામ્ય) |
| ૯ | મતદાનના પરિણામની જાહેરની તારીખ | મતગણતરી પછી તરત જ |

નોંધ :– તા. ૨૩/૦૮/૨૦૨૫નાં રોજ મતદાન પુર્ણ થયા બાદ સીલ બંધ મતદાનપેટીઓ સુરક્ષા માટે જિલ્લા તિજોરી કચેરી, અમરેલીનાં સ્ટ્રોંગરૂમમાં રાખવાની રહેશે.

સિક્કો

**(એમ.જે. નાકિયા)**
ચૂંટણી સત્તાધિકારી
અમરેલી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. અમરેલી
–વ–
નાયબ કલેકટર, અમરેલી




## અમરેલીનાં ક્રિમ વિસ્તાર ગણાતા ચિતલ રોડની અવદશા

# ઉપરથી અંધારપટ્ટ અને નીચે પથ્થરનાં ઢગ

પાલિકા અને માર્ગ-મકાન વિભાગની ગુનાહિત બેદરકારી કોઈ શહેરીજનને હોસ્પિટલ ભેગા કરશે તે નક્કી

નબળી નેતાગીરીનાં પાપે સરકારી બાબુઓ જનતાની વેદનાની પરવાહ કરતા નથી

ચિતલ રોડ ઉપરની ફૂટપાથ તોડી પડાયા બાદ માટી અને પથ્થરનાં ઢગ દૂર કરાતા નથી

વાતાનુકુલિન કચેરીમાં ટ્રાફિક, જનસુરક્ષાની માત્ર વાતો જ થતી હોય તેવું લાગી રહ્યું છે



અમરેલી, તા. ૧
અમરેલીશહેરમાંએકતરફ અમુક પુલ બંધ કરાયા અને બીજી તરફ ગાવડકા રોડ, વરસડા રોડ અને ચિતલ રોડને પહોળો બનાવવાની કામગીરી ચાલી રહી હોય શહેરીજનોને વાહન ચલાવવામાંઅનેપગપાળાપણ

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં આત્મહત્યાનાં અલગ-અલગ 3 બનાવો નોંધાયા

અમરેલી, તા. ૧
અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસકલાકદરમિયાનઅલગઅલગ ત્રણઆપઘાતનાબનાવોપોલીસચોપડે નોંધાતા સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહીહાથધરેલછે.
પ્રથમ બનાવમાં રાજસ્થાનનાવતનીઅનેહાલધારી

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી, જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાનાં ગીર જંગલમાં ગેરકાયદેસર ધમધમતા રીસોર્ટ, હોટલોનું દબાણ દૂર કરો

અમરેલી, તા. ૧
અમરેલીનાંએડવોકેટઅને સામાજિક કાર્યકર્તા ભરતભાઈ કાતરીયાએ રાજયનાં વનમંત્રીને પત્ર પાઠવેલછે.
પત્રમાં જણાવેલ છે કે, જુનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાંઆવેલગીરનાંજંગલવિસ્તાર તરીકે ઓળખાતો ૧૪૦૦૦ કિલોમીટરમાંફેલાયેલોછે.
એશિયાઈ સિંહો માટે વિશ્વભરમાંપ્રખ્યાતગુજરાતરાજયનાં જુનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં આવેલ ગીરનાં જંગલ વિસ્તારમાં હાલમાં જ થયેલી સિંહની વસ્તી ગણતરી મુજબ સિંહની સંખ્યા ૮૯૧ છે. સિંહએગીરનાજંગલમાંરહે છે. જેમાં પોતાનો અડાબીડ જંગલ વિસ્તારનક્કીકરેલોહોયત્યાંસિંહનો

અનુસંધાન પાના ૬ ઉપર

હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા...



શ્રી વિજયભાઈ દેસાઈ
પ્રમુખશ્રી : અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ
દેસાઈ એન્ડ કંા. મહાદેવ જીન

ચિતલ-જસવંતગઢ ગામનું ગૌરવ અને ચિતલનાં અગ્રણી યુવા ઉદ્યોગપતિ રાષ્ટ્રીવાદી વિચારધારા અને હિન્દુત્વને વરેલા શ્રી વિજયભાઈ દેસાઈ ને અમરેલી જિલ્લાના વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખશ્રી બનવા બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ....

:: શુભેચ્છક ::

લાતીબઝાર એસોસીએશન ચિત્તલ

| | |
|---|---|
| દેસાઈ એન્ડ કંાુ | મે. પટેલ એન્ડ કંા. |
| ધામી ટીમ્બર માર્ટ | નેશનલ ટીમ્બર માર્ટ |
| શ્રી જલારામ સો મીલ | અસગરી ટીમ્બર માર્ટ |
| શ્રી શંકર વિજય સો મીલ | હાતિમી ટીમ્બર માર્ટ |
| ગીતા ટીમ્બર માર્ટ | મહમ્દી ટીમ્બર માર્ટ |

અબ્બાસભાઈ જીવણભાઈની કંા.

હાર્દિક અભિનંદન સહ શુભેચ્છા...



શ્રી વિજયભાઈ દેસાઈ
પ્રમુખશ્રી : અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ
દેસાઈ એન્ડ કંા. મહાદેવ જીન



શ્રી લાલજીભાઈ દેસાઈ
ઉપપ્રમુખશ્રી : લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ

ચિતલ-જસવંતગઢ ગામનું ગૌરવ અને ચિતલનાં અગ્રણી યુવા ઉદ્યોગપતિ રાષ્ટ્રવાદી વિચારધારા અને હિન્દુત્વને વરેલા શ્રી વિજયભાઈ દેસાઈ ને અમરેલી જિલ્લાના વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રમુખશ્રી બનવા બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ....

ચિતલ-જસવંતગઢ ગામનું ગૌરવ અને ચિતલનાં અગ્રણી યુવા ઉદ્યોગપતિ શ્રી લાલજીભાઈ દેસાઈ ને લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટનાં ઉપપ્રમુખશ્રી બનવા બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ....

:: શુભેચ્છક ::

જસવંતગઢ સેવા સહકારી મંડળી

| | |
|---|---|
| શ્રી સુરેશભાઈ રામજીભાઈ તળાવીયા (ઉપપ્રમુખ) | શ્રી અરવિંદભાઈ રામજીભાઈ દેસાઈ |
| શ્રી ચંદુભાઈ પરશોત્તમભાઈ ભાલાળા | શ્રી વલ્લભભાઈ કેશવભાઈ મેશીયા |
| શ્રી હસુભાઈ બાબુભાઈ ધાનાણી | શ્રી સંજયભાઈ હનુભાઈ દેસાઈ |
| શ્રી બાબુભાઈ કેશવભાઈ મેશીયા | શ્રી ઘનશ્યામભાઈ ભીખાભાઈ ધાનાણી |
| શ્રી વિનુભાઈ પોપટભાઈ સોરઠીયા | શ્રી ચંદુભાઈ રવજીભાઈ દેસાઈ |
| શ્રી મનુભાઈ સવાભાઈ માંગરોળીયા | શ્રી માવજીભાઈ ખોડાભાઈ પરમાર |
| શ્રી મનુભાઈ રવજીભાઈ અસલાલીયા | શ્રી ભાવનાબેન લાલજીભાઈ દેસાઈ |
| શ્રી શાંતિભાઈ માધાભાઈ પાલડીયા | શ્રી જયંતિભાઈ લીંબાભાઈ નાકરાણી (મંત્રી) |

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)